અનુક્રમણિકા

૧.૧ પ્રસ્તાવના

૧.૨ સમસ્યા કથન

૧.૩ શબ્દોની વ્યાખ્યા

૧.૪ સંશોધનના હેતુઓ

૧.૫ સંશોધનના પ્રશ્નો

૧.૬ સંશોધનના મૂલાધાર

૧.૭ સંશોધનનું મહત્ત્વ

૧.૮ સંશોધનની મર્યાદા

૧.૯ વ્યાપવિશ્વ અને નમૂના પસંદગીની રીત

૧.૧૦ સંશોધનનું ઉપકરણ

૧.૧૧ સંશોધનની પદ્ધતિ

૧.૧૨ માહિતી એકત્રીકરણ અને અંકશાસ્ત્રીય પૃથક્કરણની રીત

૧.૧૩ તારણો

૧.૧૪ શૈક્ષણિક સૂચિતાર્થો

૧.૧૫ ભાવિ સંશોધન અંગેના નિર્દેશો

- સાહિત્ય નિર્દેશ

૧.૧ પ્રસ્તાવના

અધ્યયન એ માનવજીવન માટે અનિવાર્યપણે આજીવન ચાલતી પ્રક્રિયા છે. અધ્યયન વિવિધપ્રકારે અને માધ્યમોથી થતું રહે છે. માનવજીવનનું ઉત્ક્રાંતિકાળથી સાંપ્રતકાળ સુધી સતત ઘડતર થતું રહયું છે. ભાષાનો ઉદ્‌ગમ પણ માનવીના જન્મ સાથે જ જોડાયેલો છે. ભાષા વડે માનવી સતત વધુને વધુ સુસંસ્કૃત પણ બની શકયો છે. માનવીની તમામ ક્ષેત્રોની પ્રગતિના પાયામાં ભાષાનું મહત્ત્વનું યોગદાન રહયું છે. માનવીની તમામ સિધ્ધીઓ પરોક્ષ રીતે ભાષાના વિકાસ સાથે જ સંકળાયેલી રહી છે. પ્રાણીઓ પણ મર્યાદિત સ્વરૂપમાં ભાષા સંકેતનો ઉપયોગ કરે છે.

ગુફાવસ્થાથી આધુનિક અવસ્થા સુધીમાં માનવીએ ભાષાના બહુવિધ સ્વરૂપો, પ્રકારો અને માધ્યમો વિકસાવ્યા છે. ભાષાનો વિકાસ સતત રીતે થતો જ રહેવાનો.

ભાષાએ માનવજાતની વિશિષ્ટ અને અતિ મૂલ્યવાન સિધ્ધિ છે. ભાષાના માધ્યમથી જ અર્થ પ્રદાન કરવામાં આવે છે. ભાષા જ માનવ સંસ્કૃતિની જનની છે. પક્ષીઓને જેમ પાંખો હોય છે તેમ મનુષ્યની પાસે ભાષા છે. આકાશમાં મુકત રીતે વિહરવા પક્ષીઓને જેમ તેની યોગ્યતા બક્ષે છે. તેમજ બુધ્ધિ અને લાગણી પ્રધાન માનવીને સમજ શકિત અને સંવેદના પ્રાપ્ત કરવામાં ભાષા વિશેષ શકિતમાન બનાવે છે.

ભાષા શબ્દ મૂળ સંસ્કૃતના ભાષ્ ધાતુ ઉપરથી બન્યો છે. જે વ્યકિતની વાણી તરીકે ઓળખાય છે. ભાષાની વ્યાખ્યા આ પ્રમાણે છે.

"ભાષા યાદૃચ્છિક ધ્વનિ સંકેતોની એક વ્યવસ્થા છે. જેના દ્વારા કોઇ એક સમાજના સભ્ય તરીકે અને સંસ્કૃતિનાં ભાગીદાર તરીકે માનવી અરસ પરસ આંતરક્રિયા કરે છે. અને સંસર્ગ રાખે છે."[૧] **– બ્રિટન સર્વવિદ્યા સંગ્રહ**

જે રીતે મનુષ્ય સામાજિક પ્રાણી છે તેવી જ રીતે મનુષ્ય માટે ભાષા પણ એક અનિવાર્ય સામાજિક સાધન છે. મનુષ્ય ભાષાની મદદથી જ મનોવાંછિત સંસારનું નિર્માણ કરી શકે છે. પ્રગતિ કરવી કે મુશ્કેલીઓ માંથી સમાધાન શોધવું એ ભાષા પર જ આધારિત છે. ભાષા માટે બીજા પણ કેટલાક શિક્ષણ ચિંતકોએ વ્યાખ્યાઓ આપી છે. જેમાં ....

"व्यकत वाचां समुच्चारणे" अर्थात अच्छी तरह से उच्चरित व्यकत वाणी ही भाषा है ।[૨] **– पाणीनी**

"मनुष्य और मनुष्य के बीच वस्तुओ के विषय में अपनी ईच्छा और मति को आदान प्रदान करने के लिए व्यकत ध्वनि संकेतो का जो व्यवहार होता है, उसे भाषा कहते है ।"[૩] **– डॉ. श्यामसुन्दर दास**

શબ્દો ભાષાના અલંકારો (અલંકૃતો) અર્થાત્ ઘરેણાં ગણાય છે. શબ્દો જ ભાષાને શોભા સામર્થ્ય બક્ષે છે. ભાષાના કોઈપણ પ્રકારના સ્વરૂપની અભિવ્યકિતમાં શબ્દો અને શબ્દભંડોળનો અસરકારક ઉપયોગ અનિવાર્યપણે થવો જરૂરી ગણાય. જે ભાષા પાસે વૈવિધ્યસભર અને વધુમાં વધુ સંખ્યા ધરાવતું શબ્દભંડોળ હોય તે ભાષાની પ્રત્યાયન ક્ષમતા વધુ હોય છે. ફલતઃ આવી ભાષા સમૃધ્ધ ભાષા તરીકેનું બિરૂદ પામે છ.

ભાષા પ્રાદેશિકતા અનુસાર બદલાયેલ છે. તેની શબ્દો બોલવાની લખવાની આગવી સમજ ઉભી થાય છે.

ભાષા શબ્દ ભંડોળના આધારે વિકાસ પામે છે. બાળકોનું શબ્દોભંડોળ તેની ભાષા સમૃધ્ધિ છે પણ ગુજરાતના વિવિધ ભાગોમાં શબ્દભંડોળ જુદુ જોવા મળે છે. તેમાય અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ માતૃભાષા અને રાષ્ટ્રભાષામાં અલગ હોય છે. ભાષા સમૃધ્ધિ જાતિગત ભેદને કારણે પણ હોઈ શકે. દક્ષિણ ગુજરાત

વધુ આદિવાસી વસ્તીવાળો વિસ્તાર છે. જેમાંથી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું રાષ્ટ્રભાષા હિન્દીનું શબ્દભંડોળ તપાસવાનો ઉપક્રમ છે.

૧.૨ સમસ્યા કથન અને શબ્દોની વ્યાખ્યા

અધ્યેતાએ પસંદ કરેલ સમસ્યા આ મુજબ છે.

દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધો. ૭ ના અનુસૂસિત જનજાતિના વિદ્યાર્થીઓનું હિન્દી શબ્દભંડોળ : એક અભ્યાસ.

પ્રસ્તુત સંશોધન શીર્ષક અંતર્ગત મહત્વપૂર્ણ પારિભાષિક પદોની વ્યાખ્યા આ પ્રમાણે છે.

૧.૨.૧ દક્ષિણ ગુજરાત

ગુજરાત રાજયનો દક્ષિણભાગ કે વિસ્તાર એટલે દક્ષિણ ગુજરાત ૧ લી મે ૧૯૬૦ થી બૃહદ મહારાષ્ટ્ર રાજયમાંથી છૂટું પાડીને જે ભૂમિ વહીવટી દષ્ટિએ સ્વતંત્ર બની તે ગુજરાત રાજય.

દક્ષિણ ગુજરાત એટલે આજે ગુજરાત રાજયની દક્ષિણ પૂર્વ દિશામાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

આ આખોય વિસ્તાર આશરે ૨૦.૧° થી ૨૨° ઉત્તર અક્ષાંશ અને ૭૨.૫° થી ૭૪.૪° પૂર્વ રેખાંશની વચ્ચે સમાઇ જાય છે.

૧.૨.૨ સુરત જિલ્લો


SURAT
DISTRICT MAP
Bharuch
Narmada
N
Nizer
To Bharuch
Kevadi
Asarma
Mangrol
Umarwada
Raigadh
Baroda
Vadoli
Kalanj
NH - 8
Tadkeshwar
Maldha
Karod
Satkosi
Olpad
Sayan
Kakrapar
Ukai
Kamrej
Mandvi
Ubharan
Dihen
Umarda
Kado
MAHARASHTRA
Songandh
SURAT
Kholvad
Madhi
NH - 8
Udhana
Bardoli
Vyara
Tokarva
Mindhola
Jamkhadi
Ranimba
Palsana
Valod
Sarbhon
Arabian Sea
Mahuva
Buhari
Mota
Navsari
Mehuvariya
The Dangs
To Navsari
Umra
Unai
Map not to Scale
Copyright © 2010 www.mapsofindia.com
(Updated on 2nd November 2010)
LEGEND
National Highway
Major Road
District Boundary
State Boundary
Railway
District Headquaters
Major Town
Other Town
River

સુરત જિલ્લો કુલ નવ તાલુકાઓના વિસ્તારનો બનેલો છે. સુરત જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૭૪૫૧.૧૦ ચો.કિ.મી. છે. જિલ્લાની કુલ વસ્તી વર્ષ ૨૦૧૦ પ્રમાણે ૬૫,૧૨૦૦૦ છે. આ સંશોધનમાં સુરત જિલ્લાના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ જે નમૂનામાં દર્શાવ્યા છે તે લીધેલ છે.

૧.૨.૩ નવસારી જિલ્લો

NAVSARI
DISTRICT
N
To Bharuch
NH - 8
Rann of Kachchh
Surat
Ubhrat
NAVSARI
Kaliavwadi
Jalalpor
Vejalpur
Dandi
Abrama
Amalsad
Gandevi
Bhinar
Moti Valzar
Ribbon Nationalv Park
Bansda
Saravani
Achhavani
Khanpur
To Valsad
Valsad
LEGEND
National Highway
Major Road
District Boundary
Railway
District Headquaters
Major Town
Other Town
River
Map not to Scale
Copyright © 2010 www.mapsofindia.com
(Updated on 8th November 2010)

નવસારી જિલ્લાનો વિસ્તાર ૨૧૯૬ ચો.કિ.મી. છે. તે ગુજરાત રાજયની દક્ષિણે ૨૦.૦૭ થી ૨૧.૦૦ ઉત્તર અક્ષાંશ અને ૭૨.૪૩ થી ૭૩.૦૦ પૂર્વ રેખાંશ પર આવેલું છે. તેની વસ્તી લગભગ ૧૩,૪૦,૦૦૦ છે. જેમાં ૫૨% પુરુષો અને ૪૮% સ્ત્રીઓનો સમાવેશ થાય છે. અહીં નવસારી જિલ્લાના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ જે નમૂનામાં દર્શાવ્યા છે તે લીધેલ છે.

૧.૨.૪ નર્મદા જિલ્લો

NARMADA
DISTRICT
N
Vadodara
Bujetha
Tilakwada
Garudeshwar
Sisodra
RAJPIPLA
(NANOD)
Navagam
Amletha
Sardarsarovar
Yojna
MAHARASTRA
To Bharuch
Bej Daber
Bharuch
Ghanore
Malsomot
Dediapada
Sagbara
Vmreda
Surat
LEGEND
Major Road
District Boundary
State Boundary
Railway
District Headquaters
Major Town
Other Town
River
Map not to Scale
Copyright © 2010 www.mapsofindia.com
(Updated on 8th November 2010)

નર્મદા જિલ્લો ગુજરાત રાજયમાં આવેલો વહિવટી જિલ્લો છે. આ જિલ્લાનું વડું મથક રાજપીપળા છે. જિલ્લાનું ક્ષેત્રફળ ૨,૭૪૯ ચો.કિ.મી. છે. ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લાની વસ્તી ૫,૧૪,૪૦૪ હતી. આ જિલ્લો ગુજરાત રાજયનો ત્રીજા ક્રમનો પછાત જિલ્લો છે. આ જિલ્લામાં મોટા ભાગનો વિસ્તાર ડુંગરાળ અને વનાચ્છાદિત છે.

નર્મદા જિલ્લો ૨૧.૩૨ થી ૨૧.૫૭ ઉત્તર અક્ષાંશ, તથા ૭૩.૩૦ થી ૭૩.૪૭ પૂર્વ રેખાંશ પર આવેલ છે. સરેરાશ તાપમાન ૧૫ થી ૪૨ સેન્ટીગ્રેડ રહે છે. જિલ્લા કુલ ભૌગોલિક વિસ્તાર ૨૭૪૨ ચો.કિ.મી. છે. અહીં નર્મદા જિલ્લાના ધો-૭ ના વિદ્યાર્થીઓ જે નમૂનામાં દર્શાવ્યા છે તેનો અભ્યાસ છે.

૧.૨.૫ પ્રાથમિક શાળાઓ

સમગ્ર ગુજરાત રાજયમાં ધોરણ ૧ થી ૭ નું શિક્ષણ આપતી શાળાઓ જેમાં ૬ થી ૧૪ વર્ષના વયજુથના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં સમગ્ર ગુજરાતમાં સમાન પ્રકારનો અભ્યાસક્રમ ચાલે છે.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાઓ એટલે દક્ષિણ ગુજરાતમાં આવેલી જિલ્લા પંચાયત હસ્તક ચાલતી શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧.૨.૬ ધોરણ : ૭ ના વિદ્યાર્થીઓ

સમગ્ર ગુજરાત રાજયમાં અમલમાં આવેલ નવા માળખા મુજબ પ્રાથમિક શિક્ષણ પૈકીના ધોરણ ૧ થી ૪ તબકકાને નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૫ થી ૮ સુધીના શિક્ષણને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણવામાં આવે છે. ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ તબકકાની મધ્યસ્થ શ્રેણીમાં ધોરણ–૭ ના વિદ્યાર્થીઓ આવે છે. રાજય સરકારના ધોરણ ૭ ના વિદ્યાર્થીઓના પાઠયપુસ્તકો ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ રચે છે. અહીંયા ધોરણ-૭ ના અનુસૂચિત જનજાતિના સુરત જિલ્લાના ૪૦૦ વિદ્યાર્થીઓ, નવસારી જિલ્લાના ૪૦૦ વિદ્યાર્થીઓ અને નર્મદા જિલ્લાના ૪૦૦ વિદ્યાર્થીઓનો નમૂનો છે.

૧.૨.૭ **અનુસૂચિત જનજાતિ**

અનુસૂચિત જનજાતિ એટલે સ્વતંત્ર ભારતના બંધારણના અનુચ્છેદ ૩૪૧ અને ૩૪૨ મુજબ નકકી કરેલ વિશિષ્ટ પ્રકારની જાતિના લોકો જેને અંગ્રેજીમાં (Schedule tribe S.T.) ના નામથી ઓળખીએ છીએ આ વર્ગમાં મુખ્યત્ત્વ ચૌધરી, ઘોડિયા, રાઠવા, ગામીત, દુબળા, કૂંકણા, કોળીઢોર, ભીલ, કાથોડી, કાતકરી વગેરેનો સમાવેશ થાય છે. જેની યાદી આ મુજબ છે. અહીંયા ઉપરોકત ત્રણ જિલ્લાના અનુસૂચિત જનજાતિના ૧૨૦૦ વિદ્યાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

- **ગુજરાત સરકારે જાહેર કરેલ અનુસૂચિત જનજાતિની યાદી નીચે મુજબ છે.**

- કાથોડી, કાતકરી, ઢોરકાથોડી, ઢોરકાતકરી, સોન કાથીડી, સોન કાતકરી.
- કોકણા, કોકણી, કુકણા.
- કોળી ઢોર, ટોકરે કોળી, કોલચા, કોલધા
- કુનબી (ડાંગ જિલ્લામાં)
- બરડા
- બાવચા, બામચા
- ભરવાડ (આલેચ, ગિર અને બરડા જંગલના નેસ વિસ્તારમાં)
- ભીલ, ભીલગરાસીયા, ઢોલભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસિયા, મેવાસી ભીલ, રાવળ ભીલ, તડવીભીલ, ભાગલીયા, ભીલાલા, પવાર, વસાવા, વસાવે.
- ચારણ (આલેચ, બરડા અને ગીરના જંગલના નેસ વિસ્તારના)
- ચૌધરી, (સુરત અને વલસાડ ના જિલ્લામાં)
- ચોધરા.
- ધાનકા, તડવી, તેતરીયા, વાલવી.
- ઢોડીયા, ઢોડી.
- દુબળા, તલાવિયા, હળપતિ

- ગામીત, ગામટા, ગાવિત, માવચી, પાડવી
- ગોન્ડ, રાજગોન્ડ.
- નાયકડા, નાયકા, ચોલીવાલાનાયકા, કાપડિયા નાયકા, મોટા નાયકા, નાના નાયકા.
- પાઢાર.
- પારધી, અદવી, ચીથર, ફણસે પારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયનાં)
- પટેલીયા
- પોમલા.
- રબારી, (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં)
- રાઠવા
- સીદી, સીદી બાદશા (અમરેલી, ભાવનગર, જામનગર, રાજકોટ અને
- સુરેન્દ્રનગર જિલ્લામાં)
- વાર્લી
- વીટોળીયા, કોટવાળિયા, બરોડિયા.

અનુસૂચિત જનજાતિ જે પ્રદેશ કે ભૂ–રચનામાંથી અલગ પડતી અન્ય જાતિઓ છે. સરકારે તેમની પ્રગતિ માટે બંધારણીય અમાનતની જોગવાઈ કરેલ છે. જેમાં ગુજરાત સરકાર ૧૫% તથા ભારત સરકારે ૭$^{૧}/_{૨}$% અનામતની ફાળવણી કરી છે.

૧.૨.૮ હિન્દી શબ્દભંડોળ

ભગવદ્‌ગોમંડળ ગ્રંથમાં શબ્દ અને શબ્દભંડોળના શબ્દાર્થ નીચે પ્રમાણે જણાવેલ છે.

શબ્દ એટલે એક કે વધારે અક્ષરોનો સમુચ્ચય વ્યાકરણ આદિમાં જે વાચક છે તે શબ્દ કહેવાય છે. "વૈયાકરણોના મત પ્રમાણે શબ્દ અને અર્થનો સંબંધ નિત્ય છે. સ્વાભાવિક રીતે જ શબ્દમાં અર્થ ઉપજાવવાની યોગ્યતા હોય છે."શબ્દના અર્થનું જ્ઞાન

સાત સાધનથી પ્રાપ્ત થાય છે. (૧) કોષ (૨) વ્યાકરણ (૩) આપ્ત પુરૂષ વાકય (૪) પૂર્વાપર સંબંધ (૫) ઉપનામ (૬) પ્રસિદ્ધ શબ્દોનો સંબંધ અને (૭) વ્યવહાર.[૪]

ઉકતગ્રંથમાં શબ્દભંડોળનો અર્થ નીચે પ્રમાણે જણાવેલ છે.

ભગવતસિંહજી (૧૯૮૬) ના મતે,

શબ્દભંડોળ એટલે સંગ્રહ કે જથ્થો કે શબ્દભંડાર એટલે શબ્દનો ખજાનો.[૫]

શબ્દભંડોળ માટે અંગ્રેજી ભાષામાં વોકે બ્યુલરી (Vocabulary) શબ્દ પ્રયોજાય છે. અંગ્રેજી અને ગુજરાતી શબ્દકોષોમાં શબ્દ અને શબ્દભંડોળ શબ્દના શબ્દાર્થ તથા તેઓની વ્યુત્પતિઓ જણાવેલી છે. સંશોધન સમસ્યામાં વપરાયેલ શબ્દ વ્યંજનાઓના શબ્દકોષના અર્થને અક્ષરશઃ ધ્યાનમાં લેવાને બદલે મૂળ સંદર્ભને ધ્યાનમાં લેવામાં આવે છે.

વેબસ્ટર્સના મતે,

Webster's New twentieth century Dictionary[6] માં જણાવ્યા મુજબ શબ્દ માટે ફ્રેન્ચ ભાષામાં Vocabulary લેટિન ભાષામાં Vocabulm પરથી અંગ્રેજી માં Vocabulary શબ્દ પ્રચલિત બન્યો છે. શબ્દ માટે વપરાતા મૂળ શબ્દ Vovare માંથી Word શબ્દ ઉતરી આવેલ છે જેનો અર્થ To Call થાય છે. આમ શબ્દભંડોળ એટલે –

(1) "A list to words and sometimes phrases usually. Arranged in alphabetical order and defined a dictionary. A glossary"

(2) "All the words of a language"

(3) "All the words used by a particular person class. Profession etc. sometimes, all the words recognised and understood by a particular person. Although not necessary used by him in all passive vocabulary.

(૧) વેબસ્ટરના મતે શબ્દભંડોળ એટલે બાળાક્ષરીના ક્રમ પ્રમાણે ગોઠવેલા અને શબ્દો તથા શબ્દભંડોળ એટલે શબ્દકોશ. શબ્દસૂચિ જેવા અર્થ પણ વેબસ્ટરે સૂચવેલ છે.

(૨) ભાષાના બધા જ શબ્દો એટલે શબ્દભંડોળ.

(૩) શબ્દભંડોળ એટલે કોઈ પણ ચોક્કસ વ્યક્તિ દ્વારા અને વર્ગ કે વ્યવસાય અથવા વ્યવસાયિક ક્ષેત્ર દ્વારા ઉપયોગમાં લેવાતા શબ્દો. આમ, વ્યક્તિ દ્વારા ઓળખી અને સમજી શકાતા શબ્દો એટલે શબ્દભંડોળ. વ્યક્તિ આ બધા શબ્દોનો ઉપયોગ કરી શકે તેમ નથી. આમ શબ્દભંડોળ એટલે વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતા શબ્દો.

શબ્દભંડોળનો શાબ્દિક અર્થ

"અક્ષરોના અર્થયુકત સમુચ્ચયનું એકત્રીકરણ."

શબ્દભંડોળ એટલે "શ્રવણ કે પઠન દ્વારા અર્થગ્રહણ અને કથન કે લેખન દ્વારા અભિવ્યકિત કરવા માટેનો અર્થપૂર્ણ શબ્દોનો જથ્થો."

શબ્દભંડોળની વધુ સ્વીકૃત અને સર્વગ્રાહી વ્યાખ્યા કાર્ટર વી. ગુડ (Cartar V. Good) દ્વારા સંપાદિત "Dictionary of Education" માં જણાવવામાં આવી છે.

કાર્ટર વી. ગુડએ "Vocabulary" શબ્દ સાથે જોડાયેલ શિક્ષણ અને સંશોધનમાં પ્રચલિત તમામ શબ્દવ્યંજનાઓના સંદર્ભમાં શબ્દભંડોળના અર્થ આપ્યો છે. તે મુજબ **"Vocabulary active : the contect and function words of a language which are learned so thoroughly that they become a part of the child's understanding, speaking and later, reading and writing."**[7]

આમ સક્રિય શબ્દભંડોળ એટલે બાળકો દ્વારા શીખવામાં આવતા ભાષાના વસ્તુધર્મી અને રચનાધર્મી શબ્દો, આ પાછળથી બાળકોના અર્થગ્રહણ, વાંચન, વાતચીત, લેખન વગેરે જેવી અભિવ્યકિતઓનો ભાગ બની શકે છે.

આમ, શબ્દભંડોળ ભાષાનું અગત્યનું અંગ છે. શબ્દભંડોળ એટલે શબ્દોની ઓળખ અને ઉપયોગ કરવા માટેનું કૌશલ્ય, શબ્દ માટેની પરિચિતતા કે અર્થગ્રહણ અને અભિવ્યકિત કરવા માટેનું અર્થપૂર્ણ શબ્દોનો જથ્થો. શબ્દભંડોળ ભાષાના અધ્યયનનો પાયો છે. ભાષાની શોભા અને સમૃધ્ધિ છે.

પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાતના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના હિન્દી શબ્દભંડોળનો અભ્યાસ છે.

૧.૨.૯ અભ્યાસ :

"કોઈ સમસ્યાના ઉકેલ શોધવામાં લાગી જવું કોઈ વિષયમાં સંશોધન કરવુ કે સંશોધનનું ઊંડાણથી વિવેચન કરવું."[૮]

"એક કામ પાછળ ખંતથી વારંવાર મંડયા રહેવાપણું"[૯]

આમ એક કામ માટે સતત પ્રયત્નશીલ રહેવું તથા એક જ સમસ્યા બાબતે ચીવટ પૂર્વક તેને ઊકેલવાના કામમાં મંડી પડવું અને તેના અંતે પરિણામને પ્રાપ્ત કરીને તેને સ્પષ્ટ કરવું એ અભ્યાસ કહેવાય.

સાર્થ જોડણી કોશ પ્રમાણે અભ્યાસ એટલે "પુનરાવૃત્તિ, ભણવું, મહાવરો, ટેવ"

–ભગવદ્ગોમંડલ મુજબ અભ્યાનો વિસ્તૃત અર્થ[૧૦]

(૧) સં. અભિ (વારંવાર) + અસ્ (નાંખવુ) પું. (સંગીત) અમુક સ્વરોની ઠેકાણે આવૃત્તિ ક્યાં કરવી તે, બીજા સ્વરોને વચમાં આવવાં દઈ તે સ્વરોનું ફરી ફરી બોલવા પણું.

(૨) સં અભિ (પાસે) + અસ્ (હોવું) પું. પડોશ–સમીપતા

(૩) સં અભિ (તરફ) + અસ્ (જવું) પં. ભણતર પઠન

૧. અભ્યાસ કરવો –

(૧) અનુભવ કરવો (૨) ધ્યાનમાં લેવું

(૩) ભણવું, શીખવું (૪) મનન કરવુ, વિચાર કરવો.

૨. અધ્યાસ જોવો – તપાસવો, પરીક્ષા લેવી.

"પુરાણમાં અભ્યાસનો અર્થ એકને એક કામ વારંવાર કરવું અવો કરવામાં આવ્યો છે."[૧૧]

અહીં પ્રસ્તુત સંશોધનમાં શબ્દભંડોળનો અભ્યાસ એ સંદર્ભમાં અભ્યાસનો અર્થ લેવામાં આવ્યો છે.

૧.૪ સંશોધનના હેતુઓ

પ્રત્યેક ક્રિયાને તેના અંગત હેતુઓ હોય છે. હેતુઓની સિદ્ધિના પાયામાં આયોજન રહેલું હોય છે. આયોજન વગર થતું કાર્ય એ નકશા વગરની મુસાફરી સમાન છે અને આયોજન માટે હેતુ અનિવાર્ય છે. વધુમાં, સંશોધન કાર્યમાં વિષયાંતરની મર્યાદા પણ ટાળવી જોઈએ. સંશોધનના હેતુઓ અને પ્રશ્નો સંશોધનનો આધારસ્તંભો છે. પ્રસ્તુત સંશોધનના હેતુઓ અને પ્રશ્નો નીચે મુજબના હતાં.

૧. **દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સામાન્ય માહિતીનો અભ્યાસ કરવો.**

૨. **દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શબ્દભંડોળનો નીચેના મુદ્દાઓના સંદર્ભમાં અભ્યાસ કરવો.**

(ક) शरीर के अंगो के नाम (ख) रंगो के नाम (ग) वस्त्रो के नाम

(घ) अनाज के नाम (च) यातायात के साधनो के नाम (छ) फूलो के नाम

૩. **દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના નીચેના વિષય પરની શાબ્દિક અભિવ્યકિતના સંદર્ભે હિન્દી શબ્દભંડોળનો અભ્યાસ કરવો.**

(ક) मेरा प्रिय त्यौहार (ख) मेरा प्रिय शिक्षक (ग) मेरा गॉव (घ) मेरा देश

(च) मेरा विद्यालय (छ) मेरा पसंदिता पक्षी

૪. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને આપેલા અંતિમ અક્ષર પરથી નવા શબ્દની રચના પરથી પ્રાપ્ત થતા હિન્દી શબ્દભંડોળનો અભ્યાસ કરવો.

(ક) નગર (ખ) રસ (ગ) માનવ (ઘ) વીરતા (ચ) મનુષ્ય

૫. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો પર્યાવરણ સંબંધી કસોટી પર હિન્દી શબ્દ ભંડોળનો અભ્યાસ કરવો.

(क) नदियो के नाम (ख) पर्वतो के नाम (ग) पेडो के नाम

(घ) पौधों के नाम (च) पक्षीओ के नाम (छ) पशु-पशीओ की आवाज

૬. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું વ્યાકરણ વિષયક હિન્દી શબ્દભંડોળનો નીચેના મુદાઓ સંદર્ભે અભ્યાસ કરવો.

(ક) લિંગ બદલો (ખ) પર્યાયવાચી શબ્દ (ગ) ભાવવાચક શબ્દ (ચ) રિકત સ્થાન કી પૂર્તિ (છ) વિકલ્પ પસંદગી (જ) શબ્દસમૂહ કે લિએ એક શબ્દ (ઝ) વિરુદ્ધાર્થી શબ્દ

૭. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના ચિત્ર ઓળખ કસોટી પરથી પ્રાપ્ત થતા હિન્દી શબ્દભંડોળનો અભ્યાસ કરવો.

(ક) ફલ કે નામ (ખ) પશુઓ કે નામ (ગ) વ્યવસાયીઓ કે નામ

(ઘ) નેતા કે નામ

૮. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના નીચે આપેલ વાર્તાચિત્રના અવલોકન પરથી વાર્તાલેખન સંદર્ભમાં પ્રાપ્ત થતાં હિન્દી શબ્દભંડોળનો અભ્યાસ કરવો.

(ક) खरगोश और कछुआ (ख) एकता का बल

૯. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શબ્દભંડોળની જિલ્લાવાર તુલના કરવી.

૧૦. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધોરણ : ૭ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના છોકરા તથા છોકરીઓના હિન્દી શબ્દભંડોળની તુલનાત્મક અભ્યાસ કરવો.

૧૧. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળઓના ધોરણઃ ૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું (ત્રણેય જિલ્લાઓનું) શબ્દભંડોળ જાણવું.

૧.૫ સંશોધનનાં પ્રશ્નો

૧. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાના ધો–૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સામાન્ય માહિતી કેવા પ્રકારની છે.

૨. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો–૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ શરીરના અંગોના નામ, રંગોના નામ, વસ્ત્રોના નામ, અનાજનાં નામ, વાહનવ્યવહારના સાધનોના નામ અને ફુલોના નામની કેવી માહિતી ધરાવે છે.

૩. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો–૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ આપેલા વિષય પરની નિબંધલક્ષી શાબ્દિક અભિવ્યક્તિ પરથી કેટલુ શબ્દભંડોળ પ્રાપ્ત થાય છે.

૪. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો–૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ આપેલ શબ્દ અંતાક્ષરીના ઉદાહરણ જેવા શબ્દના અંતિમ અક્ષર પરથી નવા શબ્દોની રચનાની જાણકારી કેવી છે.

૫. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો–૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું પર્યાવરણ સંબંધી શબ્દભંડોળ કેટલુ છે.

૬. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો–૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું વ્યાકરણ વિષયક હિન્દી શબ્દભંડોળ નીચેના મુદ્દઓ સંદર્ભે કેટલું છે.

(ક) લિંગ બદલો (ખ) પર્યાયવાચી શબ્દ (ગ) ભાવવાચક શબ્દ (ચ) રિકત સ્થાન કી પૂર્તિ (છ) વિકલ્પ પસંદગી (જ) શબ્દસમૂહ કે લિએ એક શબ્દ (ઝ) વિરુદ્ધાર્થી શબ્દ

૭. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું ચિત્ર ઓળખ કસોટી અંગેનું હિન્દી શબ્દભંડોળ કેટલું છે.

૮. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું વાર્તાચિત્ર અંગેનું હિન્દી શબ્દભંડોળ કેટલું છે.

૯. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું જિલ્લાવાર હિન્દી શબ્દભંડોળ કેટલું છે.

૧૦. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળાઓના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના છોકરા-છોકરીઓનું હિન્દી શબ્દભંડોળ કેટલું છે.

૧૧. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાઓની પ્રાથમિક શાળઓના ધોરણઃ ૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું (ત્રણેય જિલ્લાઓનું) શબ્દભંડોળ કેટલું છે.

૧.૬ સંશોધનના મૂલાધાર

પ્રસ્તુત સંશોધનમાં પૂર્વે થયેલા સંબંધિત સંશોધનની સમીક્ષા દ્વારા સંશોધનનો મૂલાધાર સ્પષ્ટ થાય છે.

(૧) **ભાનુશાલી (૧૯૮૫) એ મુંબઈ મહાનગરના ધોરણ–૫ માં અભ્યાસ કરતાં હિન્દીભાષી વિદ્યાર્થીઓના પાયાના શબ્દભંડોળનો અભ્યાસ** વિષય પર મુંબઈમાં પીએચ.ડી. ની પદવી માટે સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ નીચે પ્રમાણે હતાં.

૧. મુંબઈ મહાનગરના ધોરણ–૫ માં ભણતાં હિન્દી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓના પાયાના શબ્દભંડોળની ઓળખશકિત શોધવી અને જરૂરી ભલામણ કરવી.

૨. શબ્દોની આવૃત્તિ પ્રમાણે ઓળખ શબ્દભંડોળનું વર્ગીકરણ કરવું.

૩. વાપર શબ્દભંડોળની ઓળખ અને શબ્દભંડોળ સાથે સરખામણી કરવી.

૪. સામાન્ય શબ્દો શોધવા માટે ઓળખ અને વાપર શબ્દોની સરખામણી કરી સામાન્ય શબ્દો શોધવા.

નમૂના પસંદગી મુંબઈમાંથી હિન્દી માધ્યમની શાળાના યાદચ્છિક નમૂના પદ્ધતિથી પસંદ કરેલા ધોરણ–૫ ના ૬૨૫ વિદ્યાર્થીઓ અને ૨૦ અનુભવી શિક્ષકોનો બનેલો નમૂનો હતો. અંતિમ માહિતી હિન્દી માધ્યમની ૨૫ મિશ્ર શાળાઓમાંથી ભેગી કરવામાં આવી. ઉપકરણો તરીકે પ્રશ્નાવલિ, પાઠયપુસ્તકમાંથી શબ્દોની યાદી, મુલાકાતાાવલિ, મૌખિક કસોટી, ઓળખભંડોળ માટેની કસોટી અને વાપર શબ્દભંડોળની કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધક દ્વારા રચવામાં આવ્યા હતાં. ઓળખ વાપર શબ્દોની પુનઃજૂથોમાં યાદી બનાવવામાં આવી હતી. આ યાદી આવૃત્તિના આધાર પર બનાવવામાં આવી હતી. જેમાં (૧) પ્રત્યેક શબ્દની સામેની વાસ્તવિક આવૃત્તિ (૨) તેની ગુણવત્તા (૩) વ્યાકરણનું જૂથ અથવા પ્રકાર અને (૪) વ્યુત્પત્તિનો પ્રકાર તેના પર આધારિત આવૃત્તિ નક્કી કરવામાં આવી. વિવિધ અંકશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરીને માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું.

પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે પ્રમાણે હતાં.

૧. ૮૦૫૩ ઓળખ શબ્દમાંથી ૧૮૦૭ (૨૨.૪૫ ટકા) શબ્દો પાઠયપુસ્તકોમાં અને સામાયિકો બંનેમાં જોવા મળતા હતાં.

૨. ૫૮.૪૮ ટકા જેટલા ઓળખ શબ્દો વિદ્યાર્થીઓના ધોરણ–૫ ના પાઠયપુસ્તકોમાં અને સામાયિકો બંનેમાં જોવા મળતા હતાં.

૩. બે શબ્દોની યાદીમાં એ જોવા મળ્યું કે ૮૦૫૩ ઓળખ યાદીમાંથી ૫૭૦૬ એ વાપર શબ્દો હતાં.

૪. કેટલાક ઓળખ શબ્દો (૨૯ ટકા કરતાં વધારે) શબ્દોની યાદીમાં જોવા મળ્યા નહી.

(૨) પટેલ (૨૦૦૮) એ "દક્ષિણ ગુજરાતના શ્રેણી-૫ ના સામાન્ય તથા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું ગુજરાતી શબ્દભંડોળ એક અભ્યાસ" વિષય પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં પીએચ.ડી. ની પદવી માટે સંશોધન હાથ ધર્યું હતું. પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ નીચે પ્રમાણે હતા.

૧. શ્રેણી-૫ ના અનુસૂચિત જનજાતિ અને સામાન્ય કેટેગરીના વિદ્યાર્થીઓની વૃક્ષોના નામ, પરિચિત વસ્તુઓ તથા રોજિંદા વ્યવહારમાં વપરાતા શબ્દો, અનાજના, ખોરાકના, ઘરમાં વપરાતી વસ્તુઓ, રમતના નામ સંબંધી શબ્દભંડોળ જાણવું.

૨. શ્રેણી-૫ ના અનુસૂચિત જનજાતિ અને સામાન્ય કેટેગરીના વિદ્યાર્થીઓના પર્વતોના નામ, નદીઓના નામ, વેલાઓના નામ, છોડના નામ સંદર્ભે વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ જાણવું.

૩. નિબંધ લેખનમાં વિવિધ વિષયોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ જાણવું.

૪. પરિછેદ લેખન કસોટી સંદર્ભે વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ જાણવું.

૫. સામાન્ય વર્ણન લેખનકસોટી, શબ્દ અંતાક્ષરી કસોટી અને ચિત્ર વાર્તા લેખન કસોટી સંદર્ભે વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ જાણવું.

૬. પ્રસંગ ચિત્ર ચિત્રઓળખ કસોટી સંદર્ભેવિદ્યાર્થીઓનું શબ્દભંડોળ જાણવું.

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું. સંશોધકે દક્ષિણ ગુજરાતના પછાત જિલ્લાઓમાંથી પાચ જિલ્લાઓ પસંદ કરી ૨૦૦૦ નમૂનાના પાત્રો પર સંશોધન હાથ ધર્યું હતું. જેમાં ૫૦૦ છોકરાઓ અનુસૂચિત જનજાતિ ૫૦૦ છોકરીઓ અનુસૂચિત જનજાતિ અને ૫૦૦ છોકરાઓ સામાન્ય કેટેગરી અને ૫૦૦ છોકરીઓ સામાન્ય કેટેગરીમાં નમૂના તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. નમૂના પાસેથી મળેલ માહિતીનું પૃથક્કરણ વર્ણનાત્મક અંકશાસ્ત્રીય પદ્ધતિથી કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં માહિતી મેળવવા માટે સંશોધકે સ્વરચિત કસોટીઓના ઉપયોગ કર્યો હતો.

પ્રસ્તુત સંશોધનનાં તારણો નીચે પ્રમાણે હતા.

૧. વૃક્ષોના નામ, પરિચિત વસ્તુઓ તથા રોજિંદા વ્યવહારના શબ્દોની કસોટી સંદર્ભે અનાજના ખોરાકનાં ઘરમાં વપરાતી વસ્તુઓ રમતોના નામમાં ભરૂચ જિલ્લાના બાળકો પ્રથમક્રમે અનુસૂચિત જનજાતિના બાળકોનું શબ્દભંડોળ પ્રથમક્રમે હતું.

૨. પર્વતોના નામ, નદીઓના નામ, વેલાઓના નામ, છોડના નામ સંદર્ભે ભરૂચ જિલ્લાના બાળકોનું શબ્દભંડોળ અનુસૂચિત જનજતિના છોકરાઓ અને છોકરીઓ પ્રથમક્રમે હતા. તેવીજ રીતે નવસારી જિલ્લાના સામાન્ય કેટેગરીના બાળકો અંતિમક્રમે હતા.

૩. નિબંધ લેખનના વિવિધ વિષયોના સંદર્ભમાં નર્મદા, ભરૂચ અને વલસાડ જિલ્લાના બાળકોનું શબ્દભંડોળ વધારે હતું. છોકરીઓનું શબ્દભંડોળ છોકરાઓ કરતા વધારે હતું.

૪. પરિછેદ લેખન કસોટી વિવિધ વિષયોમાં ભરૂચ જિલ્લાના બાળકો,નવસારી જિલ્લાના બાળકો, વલસાડ જિલ્લાના બાળકોનું શબ્દભંડોળ પ્રથમક્રમે હતું. અનુસૂચિત બાળકોનું શબ્દભંડોળ વધુ હતું. છોકરીઓનું શબ્દભંડોળ છોકરાઓ કરતા વધુ હતું.

૫. સામાન્ય વર્ણન લેખન કસોટી, શબ્દ અંતાક્ષરી કસોટી અને ચિત્ર વાર્તા લેખન કસોટી સંદર્ભમાં અનુક્રમે ભરૂચ, સુરત અને નવસારી જિલ્લાના બાળકો પ્રથમક્રમે હતા. જે દરેકમાં અનુસૂચિત જનજાતિના બાળકોનું શબ્દભંડોળ વધુ હતું.

૬. પ્રસંગ ચિત્ર ચિત્રઓળખ કસોટી સંદર્ભે શબ્દભંડોળમાં ભરૂચ જિલ્લાના બાળકો પ્રથમક્રમે હતા.

૧.૭ સંશોધનનું મહત્ત્વ :

દરેક સંશોધન ઉપયોગી હોય છે. કેમ કે Necessity is the Mother of Invention એટલે કે જરૂરિયાત એ સંશોધનની માતા છે. ભારતમાં શૈક્ષણિક સંશોધનની શરૂઆત ઈ.સ. ૧૯૩૯ થી થઈ છતાં વિકસિત દેશોની તુલનામાં ઝાઝા સંશોધનો થઈ શકયા નથી. શૈક્ષણિક સંશોધનનું મહત્ત્વ દાઉદ ભાઈ ઘાંચીને સૂચક રીતે નોંધ્યું છે.

"સંશોધન એ પરિવર્તન અને સુધારણાનું પથદર્શક બળ ગણાય છે. વિશેષ કરીને શિક્ષણ જેવી માનવ ઘડતરની પ્રવૃત્તિ યુગની જરૂરિયાતો પ્રમાણે પરિવર્તન પામતી રહે અને વધુ ઉન્નત બનતી રહે તે માટે શિક્ષણના ક્ષેત્રે સંશોધનો થવાં અતિ આવશ્યક છે."[૧૨]

પ્રાથમિક શિક્ષણ પાયાનું શિક્ષણ છે. પાયાના આ શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિઓ પર વધુને વધુ સંશોધન થવાં ઘટે, એટલે કે પ્રસ્તુત સંશોધનનું નીચે પ્રમાણે મહત્વ છે.

શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે મહત્ત્વ

પ્રસ્તુત સંશોધન બહુવિધ ઉપયોગિતા મૂલ્ય ધરાવે છે. પ્રાથમિક કક્ષાએ તેમાંય ભાષા અધ્યયન ક્ષેત્રે બહુ અલ્પ સંશોધનો થયાં છે. આ માટે પ્રાથમિક શિક્ષણ કક્ષાએ વધુને વધુ સંશોધન અભ્યાસ હાથ ધરાવવા જોઈએ. પ્રસ્તુત સંશોધન દ્વારા વિદ્યાર્થીઓના ભાષા અધ્યયનમાં પડતી શબ્દભંડોળ સંબંધી મુશ્કેલીઓના કારણે ગણી શકાશે. એટલું જ નહી શબ્દભંડોળ વૃદ્ધિ, શબ્દભંડોળ વ્યાપ વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રગતિ માટે લેવા જોઈતા જરૂરી ઉપાયો વગેરેની માહિતી પણ ઉપલબ્ધ બનશે.

વિદ્યાર્થીપક્ષે મહત્ત્વ

દક્ષિણ ગુજરાત વિસ્તારના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ શબ્દભંડોળ સંદર્ભે કેવું જ્ઞાન ધરાવે છે? તેનું શબ્દભંડોળ કેટલું છે ? તેમજ વિદ્યાર્થીઓના રહેઠાણ,

વિસ્તાર અને જાતિની તેમના શબ્દભંડોળ પર અસર થાય છે? તથા શબ્દભંડોળની અસર તેમજ અભ્યાસ પર થાય છે? તે જાણવાના હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ જે શબ્દભંડોળ ધરાવે છે. તે મુજબ બરાબર છે? આવા વિવિધ પ્રશ્નોના ઉકેલો પ્રસ્તુત સંશોધન દ્વારા મળશે. શબ્દ અને શબ્દભંડોળના શિક્ષણનું મહત્ત્વ જણાવતા 'જી.સી.ઈ.આર.ટી. ના નિયામકે જણાવ્યું છે કે,

માતૃભાષાનું પાઠયપુસ્તક સાધન માત્ર છે. સાધ્ય નથી શિક્ષકોએ પાઠયેત્તર શબ્દોનું અને વિદ્યાર્થીઓના રોજબરોજના જીવન વ્યવહારોમાં અનિવાર્ય ગણાતા શબ્દોનુ શિક્ષણ આપવું જોઈએ.

પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીઓના શબ્દભંડોળ પર હાથ ધરવામાં આવ્યું હોય સ્વભાવિક રીતે જ તેનું મહત્ત્વ વિદ્યાર્થીઓ પક્ષે વધી જાય છે.

શિક્ષકો, વાલીઓ અને કેળવળીના પક્ષે મહત્ત્વ

કેળવળી ક્ષેત્રે થતા તમામ સંશોધનો આખરે તો સમસ્ત સમાજને ઉપકારક નીવડે છે. કેળવળી અને તેમાંય વળી પ્રાથમિક શિક્ષણનો સહયારું સામાજિક સાહસ (Joint Social Enterprise) છે. પ્રાથમિક શિક્ષણ જેટલું વધુ સંગીન અને ઓછા ખર્ચાવાળુ હશે તેટલા જ વધુ પ્રમાણમાં ઉચ્ચશિક્ષણનો વિકાસ વધુ સરળતાથી થઈ શકશે. પ્રાથમિક શિક્ષણ સમગ્ર શિક્ષણ ઈમારતનો પાયો છે. ભાષા અધ્યયન કોઈ પણ મનુષ્યના જીવનની અનિવાર્ય જરૂરિયાત પણ છે. મનુષ્યના વિકાસની વાત બાજુએ રાખીએ તો પણ મનવીએ જો અનુકૂલન સાધવું હશે, જીવનનું અસ્તિત્વ ટકાવવુ હશે તો પણ ભાષાનુ અધ્યયન કરવુ પડશે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા વિધાર્થીઓને અનુભવાતી અભિવ્યક્તિ વિષયક મુશ્કેલીઓ, તે માટેના જવાબદાર પરિબળો, શબ્દભંડોળ વિકાસ માટેના

ઉપાયો અને ઉપચારાત્મક શિક્ષણ માટેનું યોગ્ય માર્ગદર્શન શિક્ષકો, વાલીઓ, અને કેળવળીકારોને મળી રહેશે.

સાંપ્રત સમયમાં મહત્ત્વ

- શબ્દભંડોળ પરના પ્રસ્તુત અભ્યાસ દ્વારા શિક્ષકો, પાઠયપુસ્તક લેખકો, અભ્યાસક્રમ રચિયાતાઓ, વાલીઓ અને અધ્યયન ક્ષેત્રે જિજ્ઞાસા ધરાવનાર સહુ કોઈને યત્કિંચિત માર્ગદર્શન મળી રહેશે તેવી સંશોધકની નમ્ર માન્યતા છે.
- અભ્યાસક્રમ નવસંસ્કરણ અને પાઠયપુસ્તકોની રચના સમયે રચિયાતાઓને બાળકોના શબ્દભંડોળ અને તેના વ્યાપની માહિતી હોવાથી, ખૂબ સચોટ અનુગામી કાર્યક્રમનું આયોજન થઈ શકશે.
- વાલીઓ પોતાના પાલ્યોની શબ્દભંડોળ વૃદ્ધિ માટે પ્રોત્સાહન પર્યાવરણ સર્જવાની પ્રવૃત્તિઓ અને દિશા સૂચનો મેળવી શકશે.
- ભાષા અધ્યયનમાં બાળકો શા કારણે પછાતતા અનુભવે? તેના કારણોનું યોગ્ય નિદાન થાય તો અનુરૂપ ઉપચારત્મક શિક્ષણ આયોજન પણ તૈયાર કરી શકાય.
- શબ્દભંડોળ વૃદ્ધિ માટે શિક્ષકો અને કેણવળીકારો સ્વ અધ્યયન સામગ્રીની રચના કરી શકે.
- આ સંશોધન દક્ષિણ ગુજરાતના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગેનુ હોઈ એમના શબ્દભંડોળની મર્યાદા નિવારણ ઉપયોગી બનશે.

૧.૮ સંશોધનની મર્યાદા

શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે શબ્દભંડોળનું ક્ષેત્ર ખૂબ જ બહોળો વ્યાપ ધરાવે છે. શબ્દભંડોળના સમગ્ર વ્યાપક્ષેત્ર સંશોધન હેઠળ આવરી લેવુ શક્ય ન હોવાથી નિર્દિષ્ટ રહી પ્રસ્તુત સંશોધન કાર્ય હાથ ધરવામાં આવેલા છે.

(૧) પ્રસ્તુત સંશોધન દક્ષિણ ગુજરાતના ધો–૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના હિન્દી શબ્દભંડોળની જાણકારી માટે હાથ ધરવામાં આવેલું હોય, અન્ય જાતિના વિદ્યાર્થીઓના સંશોધનમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

(૨) પ્રસ્તુત સંશોધન જિલ્લા પંચાયત હેઠળ ચાલતી શાળા અને ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધો–૭ ના વિદ્યાર્થીઓ પુરતું જ મર્યાદિત છે.

(૩) પ્રસ્તુત સંશોધનમાં નમૂનાની પસંદગી સહેતુક નમૂના પદ્ધતિથી કરવામાં આવેલ છે.

(૪) પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે દૈનિક જીવનના પરિચિત શબ્દો, નિબંધ લેખન, પર્યાવરણ સંબંધી શબ્દ, શબ્દ અંતાક્ષરી, વ્યાકરણ વિષયક કસોટી, ચિત્ર ઓળખ કસોટી અને ચિત્ર વાર્તા કસોટી જેવી સંશોધક રચિત શબ્દકસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે.

(૫) પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ પૈકી સુરત, નવસારી અને નર્મદા આ ત્રણ જિલ્લાઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

૧.૯ વ્યાપવિશ્વ અને નમૂના પસંદગીની રીત

અભ્યાસ હાથ ધરતા પહેલા સંશોધકે વ્યાપવિશ્વને વ્યાખ્યાયિત કરી યોગ્ય નિદર્શની પસંદગી કરવી જરૂરી બને છે.

૧.૯.૧ વ્યાપવિશ્વ

જે એકમ પર સંશોધન કાર્ય હાથ ધરાયું હોય તે એકમની કુલ સંખ્યા એટલે વ્યાપ જેના અંગે માહિતી અપેક્ષિત હોય અને તારણો મેળવવાના હોય તે જૂથને વ્યાપવિશ્વ કહેવામાં આવે છે.

વ્યાપવિશ્વ અંગે ઉચાટ(૨૦૦૪)[૧૩] નોંધે છે કે,

માહિતી મેળવવાના હેતુથી જેમાંથી પ્રતિનિધિ નાનો ભાગ (નમૂનો) પસંદ કરવામાં આવે છે. તેમજ તેના વિષે તારણો તારવામાં આવે છે તે સમગ્ર જૂથને વ્યાપવિશ્વ કહે છે.

સંશોધન હેઠળના બધા પાત્રો કે જે ઘટના (સમસ્યા) સાથે સંકળાયેલા છે. તે સમસ્યા માટે વ્યાપવિશ્વ છે ટૂકમાં, વ્યાપવિશ્વ એટલે સમસ્યા માટે સાર્વત્રિક ગણ. ચેઈન વ્યાવિશ્વ અંગે જણાવે છે કે.

"A population is the eggregate of the cases that conform to some design set of specification"[14]

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે દક્ષિણ ગુજરાતની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધો-૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતની કુલ પ્રાથમિક શાળાઓ ૪૮૯૩ હતી. જેમાં ધો-૭ ના અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓની સંખ્યા ૩૪૩૬૦ હતી.

૧.૯.૨ નમૂના પસંદગી

નિદર્શ એટલે વ્યાપ વિશ્વના લક્ષણોનો પ્રતિનિધિત્વ રૂપ ભાગ.

નિદર્શ અંગે ઉચાટ (૨૦૦૪)[૧૫] જણાવે છે કે, વ્યાપવિશ્વની માહિતી મેળવવા અને તારણો તારવવાના હેતુથી વ્યાપવિશ્વમાંથી પસંદ કરવામાં આવતા પ્રતિનિધિરૂપ એકમોના નાના સમૂહને નમૂનો કહે છે.

વ્યાપવિશ્વના લક્ષણોનું પ્રતિનિધિત્વ કરતું વ્યાપવિશ્વમાંથી પસંદ કરાયેલું પ્રતિનિધિરૂપ જૂથ તે નમૂનો. જેની પાસેથી માહિતી મેળવાય મેળવાય છે. જેમાં વ્યાપવિશ્વના બધાં જરૂરી લક્ષણોનો સમાવેશ થતો હોય પ્રતિનિધિરૂપ જૂથને નમૂનો કહે છે.

સંશોધક અભ્યાસના હેતુઓ, વ્યાપવિશ્વની વિષમાંગતા, પ્રાપ્ય પરિણામોની ચોકસાઈ વગેરેના આધારે નમૂનો પસંદ કરે છે. નમૂના પસંદગીની વિવિધ રીતો આકૃતિમાં દર્શાવવામાં આવી છે.

નમૂના પસંદગીની પદ્ધતિઓ

સંભાવ્ય નમૂના પસંદગી	**બિન સંભાવ્ય નમૂના પસંદગી**	**વિશિષ્ટ નમૂના પસંદગી**
આકસ્મિક નમૂના પસંદગી	અનુકૂળ નમૂના પસંદગી	જોડકા નમુના પસંદગી
સ્તરીકૃત આકસ્મિક નમૂના પસંદગી	સહેતુક નમૂના પસંદગી	બમણા નમૂના પસંદગી
યોજના બધ્ધ નમૂના પસંદગી	નિયત હિસ્સાની નમૂના પસંદગી	ક્રમશઃ નમૂના પસંદગી
જૂમખા નમૂના પસંદગી		સ્નો – બોલ નમૂના પસંદગી

સંશોધક વ્યાપવિશ્વનાં દરેક પાત્રને એકમ તરીકે લઈ સંશોધન કાર્ય હાથ ધરી શકે. આમ કરવું અશક્ય નહી પરંતુ મુશ્કેલ જરૂર બને અને સમય શક્તિ તથા નાણાંનો પણ વ્યય થાય આ માટે નમૂના પસંદગી જરૂરી બને છે.

પ્રસ્તુત સંશોધન શબ્દભંડોળ આધારિત હોવાથી અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને પસંદ થયેલા ચલોના આધારે વ્યાપવિશ્વમાંથી સહેતુક રીતે નમૂના પસંદગી કરવામાં આવી હતી. નમૂનામાં સમાવિષ્ટ ત્રણ જિલ્લા સુરત, નવસારી, નર્મદા જિલ્લામાંથી જિલ્લા પંચાયત હસ્તક ચાલતી પ્રાથમિક શાળાઓ કુલ ૨૫૬૬ હતી. જેમાંથી કુલ ૭૨ શાળાઓમાંથી ૧૨૦૦ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. અને સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

નમૂનામાં સમાવિષ્ટ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓ નીચે મુજબની આકૃતિમાં દર્શાવ્યા છે.



૧.૧૦ સંશોધનનું ઉપકરણ

ઉપરકણના અંતિમ સ્વરૂપની રચના કરતી વખતે સંશોધન પદ્ધતિશાસ્ત્રના પુસ્તકો અને તજજ્ઞોના સૂચનો તથા ઉપકરણની પ્રાયોગિક ચકાસણી તરફથી આવેલા સૂચનો અને વિદ્યાર્થીઓને નડેલ પ્રશ્નોની સંશોધકે માર્ગદર્શક સાથે વિચારણા કરી અંતિમ સ્વરૂપના ઉપકરણની રચના કરી હતી.

(૧) શબ્દ કસોટી માં કુલ ૭ કસોટીઓનો સમાવેશ કરેલ છે.

(૨) શબ્દ કસોટી ત્રણ વિભાગમાં વહેચેલ છે.

(૩) પ્રથમ વિભાગમાં ચાર કસોટી, દ્વિતિય વિભાગમાં એક કસોટીનો અને ત્રીજા વિભાગમાં બે કસોટીઓનો સમાવેશ થાય છે.

(૪) પ્રથમ વિભાગમાં શાબ્દિક કસોટીઓ અને દ્વિતિય વિભાગમાં વ્યાકરણ વિષયક કસોટીનો ત્રીજા વિભાગમાં ચિત્રાત્મક કસોટીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૫) પ્રથમ વિભાગ માટે ૧ કલાક અને ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો હતો. અને દ્વિતિય અને તૃતીય વિભાગ માટે ૧ કલાક અને ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો હતો.

આમ ઉપકરણની સંરચનામાં પ્રારંભિક કસોટીની રચના પ્રાયોગિક ચકાસણી અને અંતિમ કસોટીની રચનાના સોપાનો સર કરવામાં આવ્યા હતા.

૧.૧૧ સંશોધન પદ્ધતિ

સંશોધન એ હેતુપૂર્વકની યોજના બધ્ધ પદ્ધતિસર થતી પ્રક્રિયાઓ છે. સંશોધકે કોઈ ચોક્કસ પદ્ધતિનો ઉપયોગ કરી, યોગ્ય માહિતી મેળવી તેના વિશ્લેષણ અને અર્થઘટન દ્વારા યોગ્ય તારણો મેળવવાના હોય છે. આ માટે વિષયને અનુરૂપ ચોક્કસ પદ્ધતિ હોવી અનિવાર્ય છે. સંશોધન પદ્ધતિનો વ્યવહારિક અર્થ આપી ઉચાટ (૨૦૦૦) જણાવે છે કે,

"સંશોધક સમસ્યાનું સ્પષ્ટીકરણ અને પરિણામની પ્રાપ્તિ આ બે બાબતો વચ્ચે સંશોધક દ્વારા હાથ ધરતા સંશોધન વ્યવહારોને સંશોધન પદ્ધતિ કહી શકાય."[૧૬]

સામાન્યતઃ શૈક્ષણિક સંશોધનમાં નીચે જણાવેલ સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

સંશોધન પદ્ધતિઓને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવી છે. ઐતિહાસિક સંશોધન પદ્ધતિ, પ્રાયોગિક સંશોધન પદ્ધતિ, અને વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ જે અંતર્ગત પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો આ માટે મુખ્ય બે બાબતો આધારભૂત ગણી હતી. એક તો મોટા ભાગના સંશોધનો જે અત્યાર સુધી નોંધાયા છે તે વર્ણાત્મક સંશોધન પદ્ધતિથી થયા હતા. તથા બીજુ એકે જયારે કોઈ વ્યાપવિશ્વમાંથી પસંદ કરેલા નમૂના પર એક કે વધુ ચલોના સંદર્ભે માહિતી મેળવવી હોય ત્યારે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિમાં સર્વેક્ષણ ઉપયોગી નીવડયુ હોય છે.

સર્વેક્ષણ પદ્ધતિ

પ્રવર્તમાન ઘટનાઓ કે પરિસ્થિતિઓના સંદર્ભમાં માહિતીના એકત્રીકરણ, વર્ણન પૃથક્કરણ અને સાથે સર્વેક્ષણ પદ્ધતિને સંબંધ છે. અહી સંશોધક કોઈ ચલને લાગુ પાડતો નથી. આ પદ્ધતિને મુખ્યત્વે વર્તમાન સાથે સંબંધ છે. પરંતુ સમયની સાથે

ભૂતકાળની ઘટનાઓ અને તેની પ્રવર્તમાન પરિસ્થિતિઓ પરની અસરોનો પણ આ પદ્ધતિ દ્વારા અભ્યાસ કરી શકાય છે. સામાજીક અને વર્તનીય વિજ્ઞાન હેઠળ આવતી સમસ્યાઓના અભ્યાસ માટે આ પદ્ધતિ વધુ વપરાય છે.

પ્રસ્તુત સંશોધન દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાના ધો–૭ માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના ૧૨૦૦ વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળ આધારિત હતુ. સંશોધનના હેતુઓ અને પ્રશ્નોને અનુરૂપ પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો આમ, પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સર્વેક્ષણ પ્રકારનુ હતું. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ દરેક હેતુ સંશોધનના પ્રશ્નો તથા શબ્દ કસોટીના સંદર્ભમાં કરવામાં આવેલ છે.

૧.૧૨ માહિતી એકત્રીકરણ અને અંકશાસ્ત્રીય પૃથક્કરણની રીત

૧.૧૨.૧ માહિતી એકત્રીકરણની રીત

– સૌપ્રથમ સંશોધકે દક્ષિણ ગુજરાતના ત્રણ જિલ્લા (સુરત, નવસારી અને નર્મદા) ની પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ની કચેરીની મુલાકાત લીધી હતી. પ્રાથમિક શિક્ષણાધિકારી પાસેથી અનોપચારિક મુલાકાત દ્વારા સંશોધકે તેમની સમક્ષ પ્રસ્તુત સંશોધનનો ચિતાર રજૂ કરી મહત્વ દર્શાવ્યુ હતું.

– આ ત્રણેય જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ પાસેથી સંશોધકે ઔપચારિક મંજૂરી મેળવી. સંશોધકે પ્રસ્તુત સંશોધનના નમૂના હેઠળના પાત્રો સુધી પહોંચવાની વ્યૂહ રચના તૈયાર કરવાના હેતુસર સંબધિત જિલ્લાઓની સર્વશિક્ષા અભિયાન પ્રોજેક્ટ ઓફિસની પણ મુલાકાત લીધી હતી

– જિલ્લવાર નમૂના હેઠળ આવરી લેવાયલી શાળાઓની યાદી મુજબ સંશોધકે જે–તે જિલ્લાના બી.આર.સી કો-ઓર્ડિનેટર્સ સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ તથા કેન્દ્રિય અને મુખ્યશિક્ષકની પૂર્વ મંજૂરી માટે તેમની રૂબરૂ મુલાકાત લીધી હતી. કેટલીક જગ્યાએ આ માટે પત્ર વ્યવહાર કરવામાં આવ્યો.

- નમૂનાઓની શાળાઓમાં કસોટીની અજમાયશ પૂર્વ તેનો દિવસ અને સમય નક્કી કરવાના તબક્કા દરમ્યાન સંશોધકે આચાર્યો તથા શિક્ષકોને મળીને સંશોધક પ્રસ્તુત કાર્યમાં કયા હેતુઓ અને કેવા સહકારની અપેક્ષા ધરાવે છે. તે બાબતોની ગહન સ્પષ્ટતા કરવામાં આવી.
- સંશોધન માટે પ્રસ્તુત કસોટીઓની અજમાયશની મંજૂરી આપવા માટે કરાયેલા સંપર્ક દરમ્યાન જે–તે શાળાઓનો ઉત્સાહભર પ્રતિસાદ મળી રહયો હતોં
- આ રીતે પ્રત્યેક જિલ્લામાંથી પૂર્વ મંજૂરી મેળવીને સાથો-સાથ સંશોધકે ક્રમવાર મળેલ મંજૂરી મુજબ દરેક જિલ્લાની માહિતી એકત્રીકરણ માટેની સમય સારણી તૈયાર કરી હતી.
- સંશોધકે પ્રત્યેક શાળામાં પસંદ કરેલા વિદ્યાર્થીઓને કુલ ૭ કસોટીઓ આપવાની હતી. તેથી તે મુજબ જે–તે શાળાના શિક્ષક સાથે તેનુ આયોજન, સમય અને વર્ગ વ્યવસ્થાની જરૂરિયાત પણ વિચારવામાં આવી હતી.
- પ્રસ્તુત કાર્ય યોજનામાં સંશોધકે પ્રત્યેક જિલ્લામાં રૂબરૂ હાજર રહેવા ઉપરાંત નિશ્ચિત કરેલા સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ તથા શિક્ષકોની સહાય મેળવવાનુ નક્કી કર્યુ હતુ. જે સૌને કસોટી અજમાયશની તમામ તકનીકિ બાબતોથી પૂર્વમાહિતગાર કરાયા હતા.

  પૂર્વનિર્ધારિત સમય આયોજન તથા કાર્યયોજના મુજબ સંશોધકે ક્રમાનુસાર જિલ્લાઓ માંથી નિશ્ચિતક્ષેત્રની મુલાકાત દ્વારા માહિતી એકત્રીકરણનું કાર્ય હાથ ધર્યુ હતુ.
- શાળાઓ દ્વારા ફાળવેલ નિશ્ચિત સમયગાળા દરમ્યાન સંશોધકે જે–તે શાળા પર રૂબરૂ પહોંચી નિર્ધારિત કરેલા શિક્ષક મિત્રો સાથે જરૂરી ચર્ચા અને સ્થાનિક સ્તરે આયોજન કર્યુ હતુ.

- મોટા ભાગની શાળાઓ પર સંશોધક રૂબરૂ પહોંચ્યા હતાં જયારે કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં સંશોધકે તૈયાર સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ તથા શિક્ષક મિત્રોની મદદ મેળવીને પ્રસ્તુત કાર્ય હાથ ધર્યુ હતું
- જે–તે શાળાના નિશ્ચિત વર્ગમાં કસોટી પત્રોની સાથે દાખલ થઈ સંશોધકે ધો–૭ ના બાળકોને ભાષાનુ મહત્વ તથા પ્રસ્તુત કસોટી સંદર્ભે શબ્દભંડોળનુ મહત્ત્વ સમજાવી તેમને અભિપ્રેરિત કર્યા હતા.
- વિદ્યાર્થીઓને પૂરતી પ્રેરણા આપી તેઓ મુક્ત રીતે કસોટી પર પ્રતિચાર આપી શકે તે માટે પૂરતો સમય ફાળવ્યો હતો.
- પ્રત્યેક કસોટીના ઉત્તરો આપવા માટે વિદ્યાર્થીઓ સમયમર્યાદાનુ ચુસ્તપાલન કરવાનુ ન હતુ છતા એક નિશ્ચિત સમયમર્યાદામાં કસોટીઓ પૂર્ણ કરે છે તે ધ્યાનમાં રખાઈ હતી.
- તમામ વિદ્યાર્થીઓએ પોતાનુ નામ, ગામ, ધોરણ, વર્ગ, જાતિ જ્ઞાતિ વગેરે સામાન્ય વિગતો કાળજીપૂર્વક ભરે તે બાબતનું અવલોકન કરવામાં આવ્યું હતું.
- પ્રત્યેક કસોટીઓ દરમ્યાન વિદ્યાર્થીઓની પ્રતિચાર આપવાની પ્રક્રિયાનું વર્ગવાર અનોપચારિક નિરીક્ષણ કરવામાં આવ્યું હતુ. અનુકૂળતા મુજબ કેટલીક જગ્યાએ પ્રતિચારો પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓને કસોટી વચ્ચેના વિરામ સમયનો ઉપયોગ કરવાનુ જણાવ્યુ હતુ.
- ૭ કસોટીના આધારે માહિતી એકત્રીકરણનુ જે તે શાળામાં એક જ દિવસમાં પૂર્ણ કરાયુ હતુ. જે સવારના સત્રમાં ચાર કસોટી તથા બપોરની વિશ્રાંતિબાદ બાકી રહેલ ત્રણ કસોટીની અજમાયશ કરવામાં આવી હતી. પ્રથમ ચાર કસાટી બાદ પણ વચ્ચે ૧૦ મિનિટનો વિરામ આપવામાં આવ્યો હતો.
- ઉપરોક્ત પદ્ધતિમુજબ પૂર્વનિર્ધારિત સમય માળખા મુજબ કાર્યયોજનાને અનુસરીને સંશોધકે સંપૂર્ણ નમૂનાના પાત્રો પાસેથી માહિતી એકત્રીકરણનું કાર્ય પૂર્ણ કર્યુ હતુ.

૧.૧૨.૨ અંકશાસ્ત્રીય પૃથક્કરણ

સંશોધનમાં નક્કી કરેલા હેતુઓની સંપૂર્ણ સિદ્ધિ માટે અનુરૂપ માહિતીનું એકત્રીકરણ એ સંશોધનનો અતિ મહત્ત્વનો તબક્કો ગણાય છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે દક્ષિણ ગુજરાતના ધો–૭ ના વિદ્યાર્થીઓના શબ્દભંડોળને ચકાસવા કુલ સાત જેટલી કસોટીની રચના કરી હતી

સંશોધનના નિર્ધારિત હેતુઓની સિદ્ધિની ચકાસણી માટે સંશોધકે પ્રાપ્ત થયેલ તમામ માહિતીનુ અંક શાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન કરવાનુ હોય છે.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષણાત્મક માહિતી પ્રાપ્ત કરી હતી તેમાં કોઈ ચોક્કસ ચલોની એક બીજા સાથેની કે આંતરવર્તી અસરોની તુલના કરવાનો કોઈ ઉપક્રમ ન હતો. તેથી સંશોધકે પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ તેમજ અંકશાસ્ત્રીય ગણતરી માટે વ્યુહાત્મક રીતે અનુકૂળ એવા વર્ણનાત્મક અંકશાસ્ત્ર (Descriptive Statistics) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વર્ણનાત્મક અંકશાસ્ત્ર એકત્ર કરેલ માહિતીનાં પ્રાપ્તાંકોનુ સાંખ્યિક દૃષ્ટિએ એક વિહંગાવલોકન સ્વરૂપચિત્ર રજૂ કરી શકે છે. પ્રસ્તુત સંશોધન હેઠળના જિલ્લાઓમાં અનુસૂચિત જનજાતિઓના બાળકોનુ શબ્દભંડોળ કઈ કક્ષાએ છે તેની જાણકારી માટે પ્રાપ્તકરેલ માહિતી પર અંકશાસ્ત્રીય પૃથક્કરણ માટે ટકાવારી મેળવવાની રીતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત માહિતીના પૃથક્કરણ માટે સૌપ્રથમ કસોટીના પ્રતિચારોને પ્રાપ્ત થયેલા શબ્દવાર આવૃત્તિમાં અંકિત કરવામાં આવ્યા હતા. તેમાં કસોટીમાં મળેલ શબ્દો પર કેટલા વિદ્યાર્થીઓએ જે તે શબ્દોને પોતાના ભંડોળમાં અંકિત કર્યા છે તેનું સારણીઓમાં નિરૂપણ કરવામાં આવ્યુ હતુ. વળી આજ પ્રકારે અનુસૂચિત જન જાતિના બાળકોએ જે તે શબ્દ આપેલ પ્રતિચાર પ્રમાણે તેમને સારણીઓમાં વર્ગીકૃત કર્યા હતા. આ પ્રમાણે તેમને સારણીઓમાં પ્રાપ્ત પ્રતિચાર સ્વરૂપ પ્રાપ્તાંકોને

ત્યારબાદ ટકાવારીમાં રૂપાંતરિત કર્યા હતા. તથા અર્થઘટનો મેળવવા માટે અંકશાસ્ત્રીય સરાસરીની રીતનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧.૧૩ તારણો

સંશોધકે નિર્ધારિત હેતુઓના સંદર્ભમાં જરૂરી ઉપકરણની સંરચના કરી દક્ષિણ ગુજરાતના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ દ્વારા મળેલ માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન પરથી નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

૧.૧૩.૧ સંશોધનના સમાવિષ્ટ ધો-૭ ના બાળકોની ઉમર ૧૨ થી ૧૫ વર્ષની હતી.

- નમૂના હેઠળની તમામ શાળાઓ જે તે જિલ્લાની જિલ્લા પંચાતય હસ્તક સંચાલિત શાળાઓ હતી.
- નમૂના હેઠળના વિદ્યાર્થીઓ છોકરાઓ તથા છોકરીઓ અને અનુસૂચિત જનજાતિના સમાન અને સંતુલિન પ્રતિનિધિત્વ દર્શાવતા હતા.

૧.૧૩.૨ દૈનિક જીવનના પરિચિત ક્ષેત્રના સંદર્ભે પ્રાપ્ત થતાં મુખ્ય તારણો

- ધો-૭ ના વિદ્યાર્થીઓ દૈનિક જીવનના પરિચત શબ્દ સંબંધિત અલગ-અલગ કુલ ૧૧૯ જેટલા શબ્દોથી પરિચિત હતા.
- યાતાયાત કે સાધન કે નામ સંબંધે સૌથી વધુ શબ્દ ભંડોળ તથા અનાજ કે નામ સંબંધે સૌથી ઓછુ શબ્દ ભંડોળ પ્રાપ્ત થયું હતું.
- સુરત જિલ્લાના વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ પ્રથમક્રમે અને નવસારી જિલ્લાના વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ અંતિમ ક્રમે રહ્યું હતું.
- છોકરાઓ કરતા છોકરીઓનું શબ્દ ભંડોળ ઊંચુ રહ્યું હતું.

૧.૧૩.૩ નિબંધ લેખન સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- ધો-૭ ના વિદ્યાર્થીઓ નિબંધ લેખન સંબંધિત અલગ-અલગ કુલ ૪૪૧ શબ્દોથી પરિચિત હતા.
- મેરા ગૉંવ નિબંધ સંદર્ભે સૌથી વધુ શબ્દ ભંડોળ તથા મેરા પ્રિય શિક્ષક નિબંધ સંદર્ભે સૌથી ઓછુ શબ્દ ભંડોળ પ્રાપ્ત થયું હતું.

- સુરત જિલ્લાના વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ પ્રથમક્રમે રહ્યુ હતું. જયારે નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ અંતિમ ક્રમે રહ્યું હતું.
- છોકરીઓ કરતા છોકરાઓનું શબ્દ ભંડોળ વધુ હતું.

૧.૧૩.૪ શબ્દ અંતાક્ષરી સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- ધો-૭ ના વિદ્યાર્થીઓ શબ્દ અંતાક્ષરી શબ્દ સંદર્ભે અલગ-અલગ કુલ ૧૧૫ શબ્દોથી પરિચિત હતા.
- 'त' અક્ષર સંદર્ભે સૌથી વધુ શબ્દ ભંડોળ તથા व અક્ષર સંદર્ભે સૌથી ઓછુ શબ્દ ભંડોળ પ્રાપ્ત થયું હતું.
- સુરત જિલ્લાના વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ પ્રથમક્રમે જયારે નવસારી જિલ્લાના બાળકોનું શબ્દ ભંડોળ અંતિમ ક્રમે રહ્યું હતું
- છોકરીઓ કરતા છોકરાઓનું શબ્દ ભંડોળ ઊંચું હતું.

૧.૧૩.૫ પર્યાવરણ સંબંધી શબ્દ સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- ધો-૭ ના વિદ્યાર્થીઓ પર્યાવરણ સંબંધી શબ્દ સંદર્ભે અલગ-અલગ કુલ ૧૩૪ શબ્દોથી પરિચિત હતા.
- પેડો के नाम સંદર્ભે સૌથી વધુ શબ્દ ભંડોળ તથા પક્ષીઓ की आवाज સંદર્ભે સૌથી ઓછુ શબ્દ ભંડોળ પ્રાપ્ત થયુ હતું.
- નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ પ્રથમ ક્રમે જયારે સુરત જિલ્લાના વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ અંતિમક્રમે રહ્યું હતું.
- છોકરાઓ કરતા છોકરીઓનું શબ્દ ભંડોળ વધુ વધુ હતું.

૧.૧૩.૬ શબ્દ કસોટી-૫ વ્યાકરણ વિષયક કસોટીના તારણો

૧.૧૩.૬.૧ શબ્દ કસોટી-૫ અંતર્ગત પેટાકસોટી-૧ લિંગ બદલો વ્યાકરણ વિષયક કસોટીના તારણો

- લિંગ બદલો સંબંધી સંદર્ભે વિદ્યાર્થીઓ મધ્યમ શબ્દ ભંડોળ ધરાવતા હતા.

- વિદ્યાર્થીઓએ કુલ ૧૦ જેટલા શબ્દોના લિંગ બદલો કસોટી પર ઉત્તરો આપ્યા હતા.
- લિંગ બદલો સંદર્ભે નર્મદા જિલ્લાના બાળકો સૌથી પ્રથમ ક્રમે રહ્યા હતા. જયારે નવસારી જિલ્લાના બાળકો સૌથી અંતિમ ક્રમે રહ્યા હતા.
- છોકરાઓ કરતા છોકરીઓનું શબ્દ ભંડોળ વધુ હતું.

૧.૧૩.૬.૨ શબ્દ કસોટી-૫ પેટાકસોટી-૨ પર્યાયવાચી શબ્દ સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- પર્યાયવાચી શબ્દ સંબંધી સંદર્ભે વિદ્યાર્થીઓ ઓછુ શબ્દ ભંડોળ ધરાવતા હતા.
- વિદ્યાર્થીઓએ કુલ ૮ જેટલા શબ્દોના પર્યાયવાચી શબ્દોના ઉત્તરો આપ્યા હતા.
- પર્યાયવાચી શબ્દ સંદર્ભે સુરત જિલ્લાના વિદ્યાર્થીઓ સૌથી પ્રથમ ક્રમે રહ્યા હતા. જયારે નવસારી જિલ્લાના બાળકો સૌથી અંતિમ ક્રમે રહ્યા હતા.
- છોકરીઓ અને છોકરાઓનું શબ્દ ભંડોળ સમાન હતું.

૧.૧૩.૬.૩ પેટાકસોટી-૩ ભાવવાચક સંજ્ઞા સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- ભાવવાચક સંજ્ઞા સંબંધી સંદર્ભે વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ ખૂબ જ ઓછુ જણાયું હતું.
- વિદ્યાર્થીઓએ કુલ ૬ જેટલી ભાવવાચક સંજ્ઞા શબ્દોના સાચા ઉત્તરો આપ્યા હતા.
- ભાવવાચક સંજ્ઞા સંદર્ભે નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓ સૌથી પ્રથમ ક્રમે રહ્યા હતા. જયારે સુરત જિલ્લાના બાળકો સૌથી અંતિમ ક્રમે રહ્યા હતા.
- છોકરાઓ કરતા છોકરીઓનું શબ્દ ભંડોળ વધુ હતું.

૧.૧૩.૬.૪ પેટાકસોટી-૪ રિકત સ્થાન કી પૂર્તિ કીજિએ સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- રિકત સ્થાન કી પૂર્તિ સંબંધી સંદર્ભે વિદ્યાર્થીઓ મધ્યમ શબ્દ ભંડોળ ધરાવતા હતા.
- વિદ્યાર્થીઓએ કુલ ૬ રિકત સ્થાન કી પૂર્તિ ના સાચા ઉત્તરો આપ્યા હતા.
- રિકત સ્થાન કી પૂર્તિ સંદર્ભે સુરત જિલ્લાના બાળકો સૌથી પ્રથમ ક્રમે જયારે નવસારી જિલ્લાના બાળકો અંતિમ ક્રમે રહ્યા હતા.

- रिकत स्थान की पूर्ति कसोटी छोકરા-છોકરીઓનું શબ્દ ભંડોળ એક સમાન હતું. વધુ તફાવત ન હતો.

૧.૧૩.૬.૫ પેટાકસોટી-૫ સહી વિકલ્પ ચુનકર લિખો સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- સહી વિકલ્પ ચુનકર લિખો સંબંધી સંદર્ભે વિદ્યાર્થીઓ ઓછુ શબ્દ ભંડોળ ધરાવતા હતા.
- વિદ્યાર્થીઓએ કુલ ૫ પ્રશ્નોના સાચા વિકલ્પ અંગે ઉત્તરો આપ્યા હતા.
- સહી વિકલ્પ ચુનકર લિખો સંદર્ભે નવસારી જિલ્લાના વિદ્યાર્થીઓ સૌથી પ્રથમ ક્રમે રહ્યા હતા. જયારે સુરત જિલ્લાના વિદ્યાર્થીઓ અંતિમ ક્રમે રહ્યા હતા.
- સહી વિકલ્પ ચુનકર લિખો સંદર્ભે છોકરાઓ કરતા છોકરીઓનું શબ્દ ભંડોળ વધુ હતું.

૧.૧૩.૬.૬ પેટાકસોટી-૬ શબ્દ સમૂહ કે લિએ એક શબ્દ લિખે સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- શબ્દ સમૂહ કે લિએ એક શબ્દ સંબંધી સંદર્ભે વિદ્યાર્થીઓ મધ્યમ શબ્દ ભંડોળ ધરાવતા હતા.
- વિદ્યાર્થીઓએ કુલ ૬ વાકયાંશના ઉત્તરો આપ્યા હતા.
- શબ્દ સમૂહ કે લિએ એક શબ્દ સંદર્ભે નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓ સૌથી પ્રથમ ક્રમે રહ્યા હતા. જયારે સુરત જિલ્લાના વિદ્યાર્થીઓ અંતિમ ક્રમે રહ્યા હતા.
- શબ્દ સમૂહ કે લિએ એક શબ્દ સંદર્ભે છોકરા-છોકરીઓનું શબ્દ ભંડોળ એકસમાન હતું કોઇ મોટો તફાવત ન હતો.

૧.૧૩.૬.૭ પેટાકસોટી-૭ વિરુદ્ધાર્થી શબ્દ લિખો સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- વિરુદ્ધાર્થી શબ્દ સંદર્ભે વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ મધ્યમ હતું.
- વિદ્યાર્થીઓએ કુલ ૫ વિરુદ્ધાર્થી શબ્દોના ઉત્તરો આપ્યા હતા.

- વિરુદ્ધાર્થી શબ્દ સંદર્ભે સુરત જિલ્લાના વિદ્યાર્થીઓ સૌથી પ્રથમ ક્રમે રહ્યા હતા. જ્યારે નવસારી જિલ્લાના વિદ્યાર્થીઓ અંતિમ ક્રમે રહ્યા હતા.
- છોકરીઓ કરતા છોકરાઓનું શબ્દ ભંડોળ વધુ હતું.

૧.૧૩.૭ ચિત્ર પહચાન કસોટી સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- ધો-૭ ના વિદ્યાર્થીઓ ચિત્ર પહચાન કસોટી સંદર્ભે અલગ-અલગ કુલ ૭૮ શબ્દોથી પરિચિત હતા.
- ફલ કે નામ સંદર્ભે સૌથી વધુ શબ્દ ભંડોળ તથા પશુઓ કે નામ સંદર્ભે સૌથી ઓછુ શબ્દ ભંડોળ પ્રાપ્ત થયુ હતું.
- નવસારી જિલ્લાના બાળકોનું શબ્દ ભંડોળ સૌથી પ્રથમક્રમે રહ્યુ. જ્યારે નર્મદા જિલ્લાના બાળકોનું શબ્દ ભંડોળ અંતિમક્રમે રહ્યું હતું.
- છોકરીઓ કરતા છોકરાઓનું શબ્દ ભંડોળ વધુ હતું.

૧.૧૩.૮ ચિત્ર કહાની લેખન કસોટી સંદર્ભે પ્રાપ્ત થયેલા મુખ્ય તારણો

- ધો-૭ ના વિદ્યાર્થીઓ ચિત્ર કહાની લેખન કસોટી સંદર્ભે અલગ-અલગ કુલ ૭૭ શબ્દોથી પરિચિત હતા.
- एकता का बल કસોટી સંદર્ભે સૌથી વધુ શબ્દ ભંડોળ અને खरगोश और कछुआ કસોટી સંદર્ભે સૌથી ઓછુ શબ્દ ભંડોળ પ્રાપ્ત થયું હતું.
- નવસારી જિલ્લાના બાળકોનું શબ્દ ભંડોળ સૌથી પ્રથમક્રમે જ્યારે સુરત જિલ્લાના બાળકોનું શબ્દ ભંડોળ અંતિમ ક્રમે રહ્યુ હતું.
- છોકરીઓ કરતા છોકરાઓ વધુ શબ્દ ભંડોળ ધરાવતા હતા.

૧.૧૩.૯ ક્ષિણ ગુજરાતના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં સુરત જિલ્લાના વિદ્યાર્થીઓ શબ્દ ભંડોળમાં પ્રથમક્રમે રહ્યા હતા. જ્યારે નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓ શબ્દ ભંડોળમાં દ્વિતીય ક્રમે રહ્યા હતા.

૧.૧૩.૧૦ દક્ષિણ ગુજરાતના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં છોકરાઓ કરતા છોકરીઓ વધુ શબ્દ ભંડોળ વધુ હતુ.

૧.૧૩.૧૧ દક્ષિણ ગુજરાતના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ અલગ-અલગ કુલ ૧૦૦૨ શબ્દો આપ્યા હતા. તમામ સાત કસોટીઓ પર શબ્દોનો કુલ વ્યાપ ૧૭૦૭૭૯ શબ્દોનો હતો.

પ્રસ્તુત સંશોધનના કુલ હેતુઓ અને પ્રશ્નો પરથી દક્ષિણ ગુજરાતના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળ પરથી કયા સૂચનો કરી શકાય તે પ્રશ્નોનો ઉત્તર મેળવવાનો હતો. જે અંતર્ગત સંશોધકે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત શબ્દ ભંડોળની માહિતીનું દોહન કરી પ્રવર્તમાન હિન્દી શબ્દ ભંડોળ વિશેના સૂચનો અહી રજૂ કરેલ છે.

૧.૧૪ સંશોધનના શૈક્ષણિક સૂચિતાર્થો

પ્રસ્તુત સંશોધન દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને નર્મદા જિલ્લાના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળ સંદર્ભે હાથ ધરાયેલું હતું. સંશોધનનો વિષય જોતા તે ગુજરાતના અન્ય જિલ્લાઓને પણ સ્પર્શે છે. તેમાં તારણો અને સૂચનો સમગ્ર હિન્દી શબ્દ ભંડોળ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા છે. આ બાબતને ધ્યાનમાં રાખી સંશોધકે પ્રસ્તુત સંશોધનના તારણોને આધારે નીચે મુજબના સૂચિતાર્થો દર્શાવ્યા છે.

૧.૧૪.૧ દૈનિક જીવન કે પરિચિત ક્ષેત્ર કે શબ્દ સંબંધી શબ્દ ભંડોળની જાણકારી વિશેના તારણો આધારિત સૂચનો

- ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- વિદ્યાર્થીઓ દૈનિક જીવવના પરિચિત શબ્દો વિશે વધુમાં વધુ જાણકારી પ્રાપ્ત કરે તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

- વિદ્યાર્થીઓને દૈનિક જીવનના પરિચિત શબ્દો જાણવા માટે કઈ પ્રવૃત્તિ કરાવી શકાય તે માટેનો મહાવરો શાળામાં જ કરાવી શકાય.
- રંગો કે નામ અંગે વિદ્યાર્થીઓ વધુ સભાન થાય તેવા પ્રયત્નો કરી શકાય.
- વસ્ત્રો, અનાજ, યાતાયાત કે સાધન, ફૂલો કે નામ વગેરેની યાદી વિદ્યાર્થીઓ પાસે જ બનાવડાવી શકાય.
- છોકરીઓનું શબ્દ ભંડોળ પણ છોકરાઓના શબ્દ ભંડોળની સમકક્ષ બને તેવા પ્રયત્નો શાળામાં કરવા જોઈએ.

૧.૧૪.૨ નિબંધ લેખન કસોટી પરથી પ્રાપ્ત થયા તારણો આધારિત સૂચનો

- વિદ્યાર્થીઓની શાબ્દિક અભિવ્યકિતનો વિકાસ થાય અને અસરકારક ભાષા પ્રયોગ કરી શકે તે માટેના પ્રયાસ શાળામાં શિક્ષક દ્વારા થવા જોઈએ.
- નર્મદા જિલ્લાના બાળકો અસરકારક અભિવ્યકિત કરી શકે અને તેમનું શબ્દ ભંડોળ વધે તેવા પ્રયાસો હાથ ધરી શકાય. સુરત અને નવસારી જિલ્લાના બાળકોનું શબ્દ ભંડોળ પણ વધુ સારુ બને તેવા પ્રયાસ સરકાર અને શાળા દ્વારા થવા જોઈએ.
- વિદ્યાર્થીઓને જ્ઞાતથી અજ્ઞાત તરફ લઈ જઈ શકાય. શરૂઆતમાં વિદ્યાર્થીઓ જેનાથી પરિચિત હોય તેવા વિષયો પર તેઓને તેમની ભાષામાં નિબંધ લેખન કરવા કહી શકાય.
- નિબંધ લેખન કાર્ય કરાવતી વખતે જે તે વિષય પરની લેખિત અભિવ્યકિતમાં કેવા કેવા શબ્દો આવી શકે તેની યાદી બનાવી બ્લેક બોર્ડ પર મૂકી શકાય અને બાળકો પોતાની અભિવ્યકિતમાં આવા શબ્દોનો ઉપયોગ કરે એ માટે શિક્ષક દ્વારા ઉચિત માર્ગદર્શન આપવું જોઈએ.

૧.૧૪.૩ શબ્દ અંતાક્ષરી કસોટી પરથી પ્રાપ્ત થતાં તારણો આધારિત સૂચનો

- ધો-૭ ના વિદ્યાર્થીઓએ આપેલા અક્ષર કે શબ્દ પરથી વધુમાં વધુ અર્થસભર શબ્દ રચના કરતા થાય અને તેમનું શબ્દ ભંડોળનું પ્રમાણ વધે તેવા પ્રયોગો શાળામાં હાથ ધરવા જોઈએ.

- શાળામાં વિદ્યાર્થીઓને શબ્દ રમત, શબ્દ કોયડા, ઉકેલ, ખૂટતા શબ્દો મૂકી નવા શબ્દની રચના કરી શબ્દના અંતિમ કે પ્રથમ અક્ષર પરથી નવા શબ્દો બનાવવા શબ્દોના પર્યાયી કે વિરુદ્ધાર્થી શબ્દો જણાવવા જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને આપી શકાય.

૧.૧૪.૪ પર્યાવરણ સંબંધી શબ્દ કસોટી પરથી પ્રાપ્ત થતાં તારણો આધારિત સૂચનો

- ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું પર્યાવરણ સંર્બધી શબ્દ ભંડોળ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંદર્ભે વધુમાં વધુ સભાનતા, જાગૃતતા આવે તે માટે શાળામાં વિવિધ કાર્યક્રમો હાથ ધરી શકાય.
- શાળામાં વિદ્યાર્થીઓના પર્યાવરણ સંબંધી શબ્દ ભંડોળની વૃદ્ધિ અર્થે વિવિધ ભૌગોલિક વિસ્તારની મુલાકાત ગોઠવી શકાય. દેશના કે દૂનિયાના પર્વતો, નદીઓ, વૃક્ષ, છોડ, પક્ષીઓ વગેરેના નામ સાથેના ચાર્ટ મૂકી શકાય.
- સુરત જિલ્લાના બાળકો શબ્દ ભંડોળની વૃદ્ધિ માટે વધુ સભાન બને તેવા પ્રયાસો હાથ ધરી શકાય. આ માટે પ્રવાસ, પર્યટન, ક્ષેત્ર મુલાકાત વગેરે ગોઠવી શકાય.
- વર્ગખંડમાં દેશદુનિયાના નકશા મુકી તેમાં કયા પર્વતો અને નદીઓ કયા આવેલ છે તેની માહિતી આપવી જોઈએ.
- પશુ-પક્ષીના અવાજ અંગે વિદ્યાર્થીઓને માહિતી આપી શકાય.
- જુદા-જુદા અવાજ દૃશ્ય-શ્રાવ્ય સાધન દ્વારા સંભળાવી શકાય.

૧.૧૪.૫ વ્યાકરણ વિષયક શબ્દ કસોટી ૫ પરથી પ્રાપ્ત થતાં તારણો આધારિત સૂચનો

- વ્યાકરણ વિષયક શબ્દ કસોટી લિંગ બદલો અંગે નાટયીકરણ પદ્ધતિ, સંવાદ દ્વારા વિદ્યાર્થીઓને વર્ગખંડમાં સમજાવી શકાય.
- વર્ગખંડમાં આ અંગેના ચાર્ટ, ચિત્રો મુકી માહિતી આપી શકાય.
- વ્યાકરણ વિષયક કસોટી પર્યાયવાચી શબ્દ અંગે વિદ્યાર્થીઓને એક ચીજવસ્તુઓના ઘણા નામ શોધતા શીખવવું જોઈએ.

- હિન્દી શબ્દ કોશનો ઉપયોગ કરતા શીખવી શકાય.
- વર્ગખંડમાં કોષ્ટક બનાવી જુદા-જુદા પર્યાયવાચી શબ્દો શોધાવી શકાય.
- વ્યાકરણ વિષયક કસોટી ભાવવાચક સંજ્ઞા અંગે વિદ્યાર્થીઓમાં સભાનતા લાવવી.
- ભાવવાચક સંજ્ઞા શીખવવા માટે વર્ગખંડમાં ચાર્ટ ચિત્રો તેમજ દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી શકાય.
- વર્ગખંડમાં વ્યાકરણનું શિક્ષણકાર્ય કરાવવું જોઈએ.
- ગૃહકાર્યમાં વ્યાકરણ વિષયક બાબતો આપવી જોઈએ. જેથી વિદ્યાર્થી વ્યાકરણ વિષયક માહિતી મેળવવા સ્વ-અધ્યયન કરતો થાય.
- ખાલી જગ્યા પુરો, વિકલ્પમાંથી સાચો ઉત્તર શોધો વસ્તુલક્ષી કસોટીઓ વિદ્યાર્થીઓને વધુમાં વધુ વર્ગખંડમાં આપવામાં આવે જેનાથી વિદ્યાર્થીઆનું શબ્દ ભંડોળ વધી શકે.
- વ્યાકરણ વિષયક વિરુદ્ધાર્થી શબ્દ શીખવવા માટે વિદ્યાર્થીઓને વધારેમાં વધારે ઉદહારણો આપી શબ્દ ભંડોળ આપી શકાય.
- વ્યાકરણ વિષયક બાબતો શીખવવા માટે ટેકનોલોજીના સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. જેનાથી વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળનો વિકાસ થઇ શકે.

૧.૧૪.૬ ચિત્ર પહચાન સંબંધી કસોટી પરથી થતાં તારણો આધારિત સૂચનો

- ધો-૭ ના વિદ્યાર્થીઓ વિવિધ ચિત્રોને ઓળખતા થાય અને ચિત્રોના નામો આપતા થાય એવા પ્રયત્નો શાળામાં થવા જોઈએ.
- શાળામાં વિવિધ ચિત્રો તેના નામ સાથે બનાવડાવી લગાવવા જોઈએ.
- વર્ગખંડમાં ફળ, પ્રાણીઓ, દેશ નેતાઓ, વ્યવસાયીઓ વગેરેના નામ સાથેના ચિત્રોના ચાર્ટ બનાવી મુકી શકાય.

૧.૧૪.૭ ચિત્ર કહાની લેખન કસોટી પરથી થતાં તારણો આધારિત સૂચનો

- ધો-૭ ના વિદ્યાર્થીઓમાં ચિત્ર કહાની લેખન પરથી વધુ સારી અસરકારક અભિવ્યકિત કરી શકે અને વધુમાં વધુ શબ્દો આપી શકે એવી પ્રવૃત્તિ શાળામાં આપવી જોઈએ.
- અનુસૂચિત જનજાતિના બાળકોના શબ્દભંડોળ પ્રમાણમાં વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- સુરત અને નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓ અસરકારક શાબ્દિક અભિવ્યકિત કરી શકે તેવા પ્રયત્નો કરવા ઘટે.
- શાળામાં અલગ-અલગ વાર્તા ચિત્રો બનાવી તેના પર લેખનનો મહાવરો બાળકોને આપી શકાય.
- કયારેક પ્રસ્તુત ચિત્ર પરથી શિક્ષક વાર્તાની ચર્ચા કરી પછી એમને વાર્તાલેખન કરવા કહી શકાય.

૧.૧૪.૮ દક્ષિણ ગુજરાતના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના જિલ્લાવાર શબ્દ ભંડોળની તુલના વિષયક પ્રાપ્ત થયા તારણો આધારિત સૂચનો

- ધો-૭ ના નવસારી જિલ્લાના બાળકોના શબ્દ ભંડોળમાં પ્રમાણમાં વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ. આ માટે જિલ્લાકક્ષાએ ભાષા વિષયના તજ્ઞોને બોલાવી શબ્દ ભંડોળ વિકાસ માટે શું કરી શકાય. તે માટેના માર્ગદર્શન કાર્યક્રમ શિક્ષકો માટે યોજી શકાય.
- નવસારી, નર્મદા જિલ્લાના બાળકોનં શબ્દ ભંડોળ વધુ સમૃદ્ધ બને તેવા પ્રયત્નો જિલ્લાકક્ષાએ અને શાળા કક્ષાએ થવા જોઈએ.

૧.૧૪.૯ દક્ષિણ ગુજરાતના ધો-૭ ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળ વધારવા માટેના પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

- આજે અંગ્રેજી માધ્યમની શાળાઓની સંખ્યા વધવાને કારણે સમાજ અને વાલીઓ હિન્દી ભાષા પ્રત્યે દૂર્લક્ષ સેવતા હોય છે. તે અંગે પણ શિક્ષકો અને ભાષાવિદોએ

સમાજના અગ્રણીઓનું ધ્યાન દોરી ભાષાનું મહત્ત્વ સંદર્ભે ચર્ચા હાથ ધરવી જોઈએ.

૧.૧૪.૧૦ દક્ષિણ ગુજરાતના ધો-૭ ના છોકરાઓના શબ્દ ભંડોળના પ્રમાણમાં વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો સરકાર દ્વારા હાથ ધરવા જોઈએ. ગુજરાત સરકાર દ્વારા કન્યા કેળવણી પર જે ભાર આપવામાં આવે છે તેવા જ કાર્યક્રમો રાષ્ટ્રભાષાના વિકાસ અને શબ્દ ભંડોળના વિકાસ સંદર્ભે પણ હાથ ધરવા જોઈએ.

૧.૧૪.૧૧ વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળના હાલના પ્રમાણમાં ઘણી વૃદ્ધિ થવી જોઈએ. બાળકોનું આ શબ્દ ભંડોળ વધારવા માટે સરકાર દ્વારા, શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ભાષાવિદો દ્વારા અને સમાજ દ્વારા વિશિષ્ટ પ્રયાસો હાથ ધરવા જોઈએ તો જ આપણે રાષ્ટ્રભાષાનું ગૌરવ જાળવી શકીશું.

૧.૧૫ ભાવિ સંશોધન માટેના સૂચનો

સંશોધનનું ક્ષેત્ર અનંત વ્યાપકતા ધરાવે છે કોઈપણ સંશોધન કયારેય પણ અંતિમ હોઇ શકે નહિ. ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનને વેગ મળે અને આ દિશામાં સંશોધનનો પ્રવાહ આગળ વહેતો રહે તે માટે સંશોધક ભાવિ સંશોધન માટેના કેટલાક ક્ષેત્રો સૂચવવાનો નમ્ર પ્રયાસ કરે છે. જે અનુગામી સંશોધકો માટે માર્ગદર્શક બની રહેશે એવી સંશોધકને આશા છે તેથી પ્રસ્તુત સશોધન માટે પણ સંશોધક ભાવિ સંશોધન માટેના કેટલાક ક્ષેત્રોનું સૂચન કરે છે.

૧. ઉત્તર ગુજરાતના ધો-૭ ના વિદ્યાર્થીઓનું હિન્દી શબ્દ ભંડોળ એક અભ્યાસ.

૨. ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના ધો-૭ ના હિન્દી શબ્દ ભંડોળ એક અભ્યાસ.

૩. મધ્ય ગુજરાતના ધો-૭ ના વિદ્યાર્થીઓનું હિન્દી શબ્દ ભંડોળ એક અભ્યાસ.

૪. ગુજરાત રાજયના ધો-૭ ના વિદ્યાર્થીઓનું હિન્દી શબ્દ ભંડોળ એક અભ્યાસ.

૫. ગુજરાત રાજયના ધો-૭ ના સામાન્ય કેટેગરી તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓનું હિન્દી શબ્દ ભંડોળ એક અભ્યાસ.

૬. ગુજરાત રાજયના માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું હિન્દી શબ્દ ભંડોળ એક અભ્યાસ.

૭. ગુજરાત રાજયમાં ધો ૧ થી ૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું હિન્દી શબ્દ ભંડોળ એક અભ્યાસ.

૮. ગુજરાત રાજયના ધો-૭ ના વિદ્યાર્થીઓના રાષ્ટ્રભાષા અને માતૃભાષા શબ્દ ભંડોળનો તુલનાત્મક અભ્યાસ.

સાહિત્ય નિર્દેશ

૧. વાઘેલા, શ્રીપાઠક અને શ્રી રાવલ (૨૦૦૭). ***માતૃભાષાનું અભિનવ અધ્યાપન*** પૃ.૩ નિરવ પ્રકાશન અમદાવાદ.

૨. દવે, ડૉ અન્ધારિયા અને અન્ય (૨૦૦૯). ***હિન્દી અધ્યાપન પરિશીલન*** (સાતમી આવૃત્તિ) અમદાવાદ ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય. આવૃતિ) અમદાવાદ. પૃ.૩

૩. પૂર્વોકત.

૪. કે.જી. દેસાઇ. (૧૯૭૪). ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ. ગુજરાત રાજય. પૃ. ક્ર.-૨૩૬.

૫. એસ. આચાર્ય. (૨૦૦૧). ***દક્ષિણ ગુજરાતની કુંકણી વાર્તાઓ.*** ગુર્જર રત્ન કાર્યાલય. અમદાવાદ. પૃ.-૧૧.

૬. ભગવતસિંહજી.(૧૯૮૬). ***ભગવદ્ગોમંડલ*** (ભાગ-૯) રાજકોટ : પ્રવીણ પ્રકાશન મ્યુનિસિપલ કોર્પોરેશન સામે, ઢેબર રોડ, પૃ.ક્ર. ૮૨૬૪.

૭. પૂર્વોકત. પૃ.ક્ર.-૮૩૬૭.

૮. C.V.Good. (1993). Dictionary of Education Newyork : MC. Graw Hill Book Company P.644-45.

૯. મફતલાલ અ.ભાવસાર નવભારત ***સાર્થ જોડણી કોશ*** પૃ.૭૬૫ પ્રથમ આવૃતિ નવભારત સાહિત્યમંદિર અમદાવાદ.

૧૦. C.O.Word (1977). Websters New Zotyh Cent. Dictionary. (unabridged 2nd Edi.). William Clins + Word Publishing Company. Inc.P.-155.

૧૧. ભગવતસિંહજી.(૨૦૦૭). ***ભગવદ્ગોમંડલ*** ભાગ–૯, રાજકોટ : પ્રવીણ પ્રકાશન મ્યુનિસિપલ કોર્પોરેશન સામે, ઢેબર રોડ, પૃ.ક્ર. ૨૬૪

૧૨.ભગવતસિંહજી (૧૯૪૪). ***ભગવદ્ગોમંડલ*** (ભાગ-૧) રાજકોટ : પ્રવીણ પ્રકાશન મ્યુનિસિપલ કોર્પોરેશન સામે, ઢેબર રોડ, પૃ.ક્ર. ૪૧૯.

૧૩. પૂર્વોકત. પૃ.ક્ર.-૪૧૯.

૧૪. દાઉદ ભાઇ ઘાંચી (૧૯૭૭). ***સંશોધન ગુચ્છ.*** સેવા વિસ્તરણ કેન્દ્ર, મોડાસા : બી.ડી.શાહ કોલેજ ઓફ એજયુકેશન, સાબરકાઠા, આમુખ.

૧૫. ઉચાટ. ડી, એ. (૨૦૦૪). ***માહિતી પર સંશોધનના વ્યવહારો*** (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત રાજય. પૃ.ક્ર. ૧૭૩.

૧૬. ઉચાટ. ડી, એ. (૨૦૦૪). ***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ*** (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત રાજય. પૃ.ક્ર. ૧૭૩.